R.N.I.No. : 11555 / 1966
Total - 44 Pages

# જ્યોતિપુંજ

JYOTI PUNJ

1
Price Rs. 1/-
Vol No. 63 - Issue No. 12
March - 2020

આત્મીય સ્વજન,

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના ભગીરથ પ્રયાસથી હું 'જ્યોતિપુંજ' તમારા ખોળે રમી રહ્યું છું. મારો કણ કણ તમારા લીધે જ સમૃધ્ધ છે, સશકત છે. તમારા સાથ-સહકાર, પીઠબળ થી હું વર્ષોવર્ષ પાંગરતું રહ્યું છું. આપ સૌનો ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

જે જે શ્રી ગોકુલેશ.

legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY
HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022-49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૩ | ૧૨ | ૨૧-૦૩-૨૦૨૦ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ



પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
Visit us at www.balasinor.org


# સરખામણી

## આપણા દેહની નાડીઓ અને કુદરતની નદીઓનું બહુમૂલ્ય મહત્ત્વ

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

સૂર્ય અને ચંદ્ર. હઠયોગનો પરિચય એ પ્રમાણે અપાય છે કે હકાર સૂર્ય અને ઠકાર ચંદ્ર કહેવાય છે. એ સૂર્ય-ચંદ્રના સંયોગથી થતો યોગ હઠયોગ કહેવાય છે.

આપણા શરીરની અંદર લગભગ ૭૨૦૦૦ નાડીઓ રહેલી છે. જેમાંથી અમુક પ્રાણવાહક અને અમુક રક્તવાહક નાડીઓ છે. આમાં ૧૦ (દસ) નાડીઓ મુખ્ય કહેવાય છે.

**(૧) ઈડા :-** નાસિકાના વામછિદ્રને ઈડા નાડી કહે છે. એટલે કે તે શરીરનાં ડાબા સ્થાનમાં રહે છે. ઈડાનાડીને ચંદ્ર નાડી કહેવાય છે કારણ કે ઈડા નાડીનો પ્રવાહ શીતલ છે. ઈડા નાડીનું તત્ત્વ-જળ, પ્રકૃતિ-શીતલ અને સ્વર-ચંદ્ર છે. ઈડાનાડીને પ્રકૃતિમાં રહેલી ગંગા નદી સાથે સરખાવવામાં આવે છે.

**(૨) પિંગલા :-** નાસિકાના દક્ષિણ છિદ્રને પિંગલા નાડી કહે છે. એટલે કે તે શરીરના જમણા સ્થાનમાં રહે છે. પિંગલા નાડીને સૂર્યનાડી કહેવાય છે કારણ કે પિંગલા નાડીનો પ્રવાહ ઉષ્ણ છે. પિંગલાનાડીનું તત્ત્વ-અગ્નિ, પ્રકૃતિ-ઉષ્ણ અને સ્વર-સૂર્ય છે. પિંગલાનાડીને પ્રકૃતિમાં રહેલી યમુના નદી સાથે સરખાવવામાં આવે છે.

**(૩) સુષુમણા :-** ઈડા અને પિંગલા આ બંને નાડીઓનો વાયુપ્રવાહ એકત્રિત થઈ જાય છે ત્યારે તે વાયુ પ્રવાહ ત્રીજી નાડી સુષુમ્ણામાં ગતી કરે છે. એવું કહેવાય છે સુષુમ્ણા શરીરના મધ્ય ભાગમાંથી વહે છે. સુષુમ્ણા નાડીને પ્રકૃતિમાં રહેલી સરસ્વતી નદી સાથે સરખાવવામાં આવે છે. આને સૂર્ય અને ચંદ્ર એમ મિશ્ર નાડી કહેવામાં આવે છે. તત્ત્વ અને પ્રકૃતિ પણ મિશ્ર છે. આપણે ગંગા તથા યમુના નદીના દર્શન કરી શકીએ

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,
એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫

છીએ પરંતુ સરસ્તવી ભૂગર્ભમાંથી વહે છે તેથી તેના દર્શન થતા નથી તે ગુપ્ત છે તેમ સુષુમ્ણા પણ ગુપ્ત છે. અલહાબાદમાં ત્રિવેણી સંગમમાં ત્રણે નદીના મિલન સ્થાન પર ત્રણેના દર્શન શક્ય બને છે.

એમ કહેવાય છે જ્યારે ચંદ્ર સ્વર તથા સૂર્ય સ્વર સાથે ચાલતા હોય ત્યારે સુષુમ્ણા કાર્યરત હોય છે. એટલે કે મનુષ્યની સુષુમ્ણા નાડી ચાલતી હોય છે. થોડી સેકન્ડસ્ માટે આ પ્રવાહ ચાલતો હોય ત્યારે અચૂક મનુષ્યને ખૂબ સારા વિચારો આવે છે. સેવા-ભાવના, ઉદારતા, મદદનીશ થવાના, સલાહ, સંપના કે ક્ષેમકુશળતાના ખૂબ સારા વિચારો આવે છે. જો મનુષ્ય આ વખતે જાગ્રત બની જાય, આવેલા વિચારો યાદ રાખી તેને અમલમાં મૂકી માનવતાના ધોરણે ઉદાર બની સેવા કરે તો તેનો ઉધ્ધાર થાય છે. મનુષ્ય પોતાની જાતને મદદ કરી ઉચ્ચ સ્થાન તેમજ પ્રગતી પામે છે. પોતાનું કરેલું પોતાના જીવન માટે સાર્થક બની જાય છે.

**(૪) ગાંધારી :-** આપણા ડાબા નેત્રમાં વહે છે. પ્રકૃતિમાં રહેલી કાવેરી નદી સાથે સરખાવવામાં આવી છે.

**(૫) હસ્તિજીહ્વા :-** જમણી આંખમાંથી વહે છે. તેને સિંધુ નદી સાથે સરખાવવામાં આવી છે.

**(૬) યશસ્વીની :-** ડાબા કાનમાં વહે છે. પ્રકૃતિની ગંડકી નદી સાથે સરખાવવામાં આવી છે. (નેપાળ અને ઉત્તરપ્રદેશની બોર્ડર પર ગંડકી નદી વહે છે.)

**(૭) પૂષા :-** આપણા જમણા કાનમાં પ્રવાહિત હોય છે. તેને તામ્રપર્ણી નદી સાથે સરખાવવામાં આવી છે.

**(૮) અલંબૂષા :-** આ નાડી આપણા મુખમાં કાર્યરત હોય છે. તેને પ્રકૃતિમાં રહેલી ગોમતી નદી સાથે સરખાવાય છે.

**(૯) કુહૂ :-** શરીરમાં લિંગ અને યોની સ્થાનમાં પ્રવાહિત હોય છે. પ્રકૃતિમાં રહેલી નર્મદા નદી જોડે સરખાવવામાં આવેલી છે.

**(૧૦) શંખિણી :-** આ શરીરના મળદ્વારમાં પ્રવાહિત હોય છે. તેને તાપી નદી સાથે સરખાવવામાં આવી છે.

શરીરના દસ દ્વારમાં આ નાડીઓ કાર્યરત છે. સ્નાન કરતી વખેત આ ૧૦ નદીના નામ બોલવા જોઈએ અને કલ્પના કરવી જોઈએ કે મારા દસે દ્વારો ચોખ્ખા અને કાર્યરત રહે. (પ્રવાસમાં સ્નાન કરવા ન મળે તો માંત્રિક સ્નાન નદીના નામ બોલવા.)


**નાડી શુધ્ધિનાં લક્ષણો :-** જ્યારે નાડી શુધ્ધ થાય છે ત્યારે શરીર પાતળું બની જાય છે અને કાન્તિ ખીલી ઊઠે છે તથા ચિત્તની સ્થિરતા થાય છે. તદ્ઉપરાંત પ્રાણવાયુને અધિક રોકી શકાય છે, નાદાભિવ્યક્તિ થાય છે. અર્થાત-અનાહતનાદનો ધ્વનિ સંભળાય છે. તેમજ આરોગ્યની સંપ્રાપ્તિ થાય છે.

મનુષ્ય જ્યારે દેહ ત્યાગ કરે છે ત્યારે એક દ્વારે થી પ્રાણ જાય છે.

નાડીઓ અને નદીઓ હંમેશા સ્વચ્છ રાખવી. આ સાદી સમજ અને તેનો અમલ પોતાના અને સમગ્ર માનવજાતના ઉત્થાન માટે કલ્યાણકારી બની રહેશે.

❖ ❖ ❖




Hemali Shah
make-up and hair artist
I BRIDAL I EDITORIAL I COMMERCIAL I EVENTS I
Services offered:
BRIDAL PACKAGE
HD bridal make-up using international brands like Huda Beauty, MAKE UP FOR EVER, Nars, Anastasia Beverly Hills, MAC, Fenty Beauty, Laura Mercier etc.
Hair- Styling including real hair extensions, fresh flowers and hair accessories.
Draping for the bride.
NON- BRIDAL PACKAGE
EVENT MAKE-UP AND HAIR PACKAGE
For more details and queries:
Mobile: +91-9820288604
Instagram: @makeupbyhemali
Email: makeupbyhemali@gmail.com

# અમો આભારી છીએ...

## જ્યોતિપુંજમાં આપની અમૂલ્ય જાહેરાત આપવા બદલ...

સહર્ષ જણાવવાનું કે બાલાસિનોરના સર્વ મંડળો અને તેમના હોદ્દેદારો, કમિટી મેમ્બરોએ સક્રિય રસ લઈને જ્યોતિપુંજમાં આપેલી જાહેરખબર માટે અમે આપ સર્વના આભારી છીએ. ઉપરાંત સર્વ બાલાસિનોરવાસીઓ ઉમદા હૃદય રાખીને આખા વર્ષ દરમ્યાન માટે તેમ જ મહિના માટે જે જાહેરખબર તથા જે જે શ્રી ગોકુલેશની શુભેચ્છા પાઠવે છે તેઓના સહકાર બદલ આભાર.

વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન જ્યોતિપુંજ માટે જાહેરાત મળી છે તેમના નામની યાદી નીચે મુજબ છે.

**ફુલ પેજ-૧૦**

૧) ઈસન ઈલેક્ટ્રીક એન્ટરપ્રાઈઝ
૨) શાહ એન્ડ શાહ એન્ટરપ્રાઈઝ
૩) એમ.સી. મોદી એન્ડ બ્રધર્સ
૪) રાલસન ઈન્ટરનેશનલ
૫) બિનીતા હાર્ડવેર સ્ટોર્સ
નોવાટેક ઈલેક્ટ્રો એન્જીનીયર્સ પ્રા.લિ.,
૬) પુષ્ટી ઈલેક્ટ્રીકલ્સ પ્રા.લિ.
૭) લાલસન
૮) પ્રભાત કેબલ્સ પ્રા.લિ.
૯) ડી.પી. ઝવેરી જવેલ
૧૦) સ્વેતા ઈલેક્ટ્રીક કોર્પોરેશન

**હાફ પેજ - ૨**

૨) એસ. આર. મોદી - શ્રી લાઈટ કોર્પોરેશન
૩) ડૉ. શિખા ધારીઆ

**ક્વાટર પેજ - ૫**

૧) શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય
૨) ક્રીષ ઈન્ટીરીયરર્સ
૩) ભરત ડોસા
૪) નિરવ ફોટો આર્ટસ્
૫) ગોપાલ જયંતીલાલ ભટ્ટ (ગોર)

**કવર પેજ (બેક ઈન) - ૧**

૧) મેચવેલ ઈલેક્ટ્રીક કંપની
હિન્દુસ્તાન ટેપેક્ષ કંપની

**કવર પેજ (બેક-આઉટ) - ૨**

૧)પ્રભાત વાયર્સ એલએલપી
૨) અનુકુલ સીલેક્શન

**જે જે શ્રી ગોકુલેશ શુભેચ્છા - ૨૪**

૧) શ્રી બિપીનભાઈ ચીમનલાલ મોદી (ઠાસરાવાળા)
૨) હેમા બંકિમ પરીખ (જુનાગઢવાળા)
૩) સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોક્સી)
૪) શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા)
૫) સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લટ્ટાપારેખ)
૬) શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા)
૭) સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા)
૮) શ્રીમતી લતાબેન શૈલેશકુમાર શાહ (શહેરાવાળા)
૯) પ્રેમીલાબેન નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા)
૧૦) સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા
૧૧) સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)
૧૨) શ્રીમતી નીતાબેન રાજેન્દ્ર મોદી (પેપરવાળા)
૧૩) શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)
૧૪) સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ
૧૫) સ્વ. બાબુભાઈ મણીલાલ દેસાઈ (તેલવાળા)
૧૬) એક શુભેચ્છક
૧૭) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
૧૮) શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી
૧૯) શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા)
૨૦) શ્રીમતી નયનાબેન પંકજકુમાર મોદી
૨૧) મનીષા નિમીશ શાહ (ઉજળાવાળા)
૨૨) સર્વે બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ
૨૩) શ્રીમતી પ્રતિમાબેન યોગેન્દ્રભાઈ ધારીઆ (સુરતવાળા)
૨૪) શ્રી અજીતભાઈ ચીમનલાલ પરીખ (ભગત)

આગામી વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં આપ સર્વ જે જાહેરખબર આપશો તેની વિગત. ડિઝાઈન વગેરેમાં જે ફેરફાર કરવા હોય તો જે ખરેખર ખર્ચ થશે (પ્રેસના બીલ પ્રમાણે) તે લેવામાં આવશે.

ભવિષ્યમાં પણ આપ સૌ આવો સુંદર સહકાર આપતા રહેશો. ધન્યવાદ.

Selected Business Superbrand INDIA 2008 Industry Validated

# TOTAL ELECTRICAL SOLUTIONS



● Electrical Wires – Housegard & Hotgard ● Flame Retardant Low Smoke Electrical Wires – Flamegard ● Single & Multi Core Flexible Cables ● Single Core Flexible Cables for UPS Cabling ● PVC Winding Wires & 3-Core Flat Cables ● Trunk & Distribution CATV Cables ● Branch & Drop Co-axial Cables ● 105°C Temperature Resistant Auto Cables ● Cat 5 E+, Cat 6 and Cat 6+ LAN Cables & Components ● Telephone & Switchboard Cables ● Power & Control Cables ● Jelly Filled Telephone Cables ● Optic Fibre Cables ● PVC Sheets ● Finoswitch Electrical Switches - Premium & Classic ● Finoglow - Compact Fluorescent Lamps

**Finolex Cables Limited**
AN IS/ISO 9001 COMPANY
*Finolex gets people together*

***AUTHORISED DISTRIBUTORS AND CHANNEL PARTNER***

## Pushti Electricals Pvt. Ltd.

**17, Picket Cross Road, Lohar Chawl, Mumbai :- 400 002**
**Tel.: 2206 6230 ● 2208 7429 ● 2206 5726 ● 6637 7929**
**● E-mail : sales@pushtiindia.com ● Fax : 2206 7929**
**● Web.: www.pushtiindia.com**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તા. ૧૮-૨-૨૦૨૦ ના મંગળવારના રોજ બપોરે ૨.૧૫ કલાકે સાંસ્કૃતિક હોલ બાબુલનાથ ખાતે 'રસીયા'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં પૂ.પાદ શ્રી નિકુંજલતાબેટીજી અને પૂ.પાદ શ્રી નીતુ વહુજીએ પધારી શોભામાં અભિવૃધ્ધી કરી હતી.

આ રસીયાના પ્રોગ્રામમમાં આપણી જ નાતની ૭૫ બહેનોએ ઉમંગભેર ભાગ લઈ આ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો. આ સુંદર નૃત્યોની કોરીયોગ્રાફી શ્રીમતી અલ્પા સચીન કડકીઆ દ્વારા કરવામાં આવી હતી. રસીયાને કર્ણપ્રીય બનાવવામાં તથા સુંદર રીતે રજુ કરવાનો ફાળો મીનોતીબેન શાહ, નયનાબેન દેસાઈ, લતાબેન શાહ, તેજશ્રી પરીખ, નીપા ધારીઆ તથા સોનલ મોદીને ભાગે જાય છે.

આ કાર્યક્રમનું સંગીત સંચાલન શ્રી પ્રહલાદ ચોરસીયા તથા શંકરભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ૪૪૦ સભ્ય બહેનોએ આ કાર્યક્રમને ઉત્સાહભેર માણ્યો હતો. શ્રી યમુના કૃપા યુવા ચેતના ગ્રુપ દ્વારા 'પુષ્ટી માર્ગીય વેશ પ્રભાવ' નાટીકા પ્રસ્તુત કરવામાં આવી હતી.

કાર્યક્રમને અંતે આવનાર સૌ બહેનોને નાસ્તાના બોક્સ, કોલ્ડ ડ્રીન્ક તથા ગીફટ આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગના આ કાર્યક્રમના આયોજનમાં પ્રત્યક્ષ પરોક્ષ સાથ અને સહકાર આપનાર સૌ બહેનોના તથા કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનો તથા મોટી સંખ્યામાં બપોરના સમયે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા બદલ સહુ બહેનોનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

**કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનોના નામ નીચે મુજબ છે.**

**(૧) શ્રી ઠાકુર ગોકુલનાથ (૨) આજ બિરજ મે હોરી હૈ રસિયા :** સેજલ ગાંધી, સોનલ મોદી, જીજ્ઞા શાહ, અલ્પા મોદી, જ્યોતી મોદી, શિલ્પા શાહ, તૃપ્તી લાકડાવાલા, સ્મૃતી કડકીઆ, હિના ધારીયા, સોનલ ધારીયા, સીમા શાહ, સ્મૃતી શાહ.

**(૩) હોરી ખેલે નંદલાલા (૪) કેવો રંગ લાગ્યો ::** પ્રીતિ મોદી, તૃપ્તી દેસાઈ, દીપ્તી દેસાઈ, રૂપલ કડકીઆ, પ્રીતિ ધારીઆ, સોનલ શાહ, ભાવના શાહ, રૂપલ ધારીઆ.

**(૫) ભાગા રે ભાગા (૬) રાત શ્યામ મેરે સપનેમેં આયો :** અલ્પા મોદી, સેજલ ગાંધી, સર્જીતા પરીખ, ધ્વની મહેતા, ડિમ્પલ કડકીઆ, જસ્મીન ગાંધી, નીત્તલ પરીખ, કૃપા દેસાઈ, અલ્પા કડકીઆ, મોનિકા શાહ

**શ્રી યમુના કૃપા**

**(૭) હોરી ખેલુંગી શ્યામ સંગ (૮) ગોવિંદ રાધે (૯) સ્કીટ :** તેજશ્રી પરીખ, નીપા ધારીઆ, સોનલ મોદી, દિના કડકીઆ, યાતી પરીખ, તનુજા શાહ, શિલ્પા શાહ, ડિમ્પલ પરીખ, દિશા દેસાઈ, દીપ્તી પરીખ, સોહિણી કડકીઆ, નયના દેસાઈ, મિનોતી શાહ, લતા શાહ.

**(૧૦) સોલો - કાન્હા પિચકારી મત માર** - હેમા પરીખ
**મેરો ખોઈગયો બાજુબંધ** - બિનીતા જૈન
**હોરી ખેલન કો રાધા ચલી** - મારીષા વખારીયા
**સુન લે વ્રજ નાર** - અલ્પા કડકીઆ, બિજલ ગાંધી

**(૧૧) મારા યમુનાજી કુંજમા ઉડે રેગુલાલ :** સર્જીતા પરીખ, અલ્પા કડકીઆ, બિજલ ગાંધી, પરીતા કડકીઆ, અન્વી દેસાઈ, મોનાલી કડકીઆ

**(૧૨) નૈનમે પીચકારી દઈ (૧૩) જીનો જીનો ઉડે ગુલાલ (બોરીવલી) :** શિતલ પરીખ, પીનાલી શાહ, અમી શાહ, શિતલ કડકીઆ, ખ્યાતી મોદી, કૃપા ડી. દેસાઈ, દિપાલી દોશી, શૈફાલી પી. શાહ

METACOLOR

# METACOLOR

[GALVANISED COLOUR COATED SHEETS]

Mfg by : **ESSAR STEEL INDIA LTD. - PUNE.**

**APPLICATIONS**

ROOFING & CLADDING FOR
INDUSTRIAL PROJECTS, HOTELS, FARM HOUSES & BUNGALOWS

## BISON PANEL

[CEMENT BONDED WOOD PARTICLE BOARD]

**APPLICATIONS**

PARTITIONS, FALSE CEILING, MEZZANINE FLOOR, WALL CLADDING,
WALL PANELING, SITE CABIN, PREFAB HOUSES & TRANSIT CAMPS











Authorised Dealers / Distributors

**Ralson International**

Office: 401, Akruti Arcade, J. P. Road, Opp. Wadia School, Andheri (West), Mumbai - 400 058
Tel.: 022-56937019 / 65005943 • Telefax 56937020
Rahul Dharia - 98200 58457 • Rohan Dharia: 98200 58467 • Email: ralson@bom5.vsnl.net.in

**(૧૪) હમ હોલી આજ મનાયેગે (૧૫) રંગ હોલી મચાઈ ગઈ (કાંદિવલી) :** શિતલ મોદી, અવની શાહ, હેમા પરીખ, જીજ્ઞા મોદી, નેહલ મોદી, નિકીતા મોદી, નિષ્મા શાહ, પ્રીતિ પરીખ, રીંકુ, વૈશાલી મોદી.

**(૧૬) નટવર નટવર – પકરો પકરો :** મારીષા વખારીયા, શ્રધ્ધા ગુપ્તા, કોમલ શાહ, અન્વી દેસાઈ, મોનાલી કડકીઆ, પરીતા કડકીઆ, ક્રીષા પરીખ, નિત્તલ પરીખ, અલ્પા કડકીઆ, યાતી પરીખ.

**મંત્રી – ભાવેશ મોદી** **સંયોજક – કૃપા દેસાઈ**

## એપ્રિલ મહિનાનો કાર્યક્રમ

**તારીખ :** ૨૫-૪-૨૦૨૦, શનિવાર

**સ્થળ :** શારદા મંદિર સ્કુલ (લોઢા હોલ)

**સમય :** બપોરે ૨.૧૫ કલાકે

**'મ્યુઝિકલ હાઉસી વીથ ઈન્સટન્ટ ક્વીઝ ગેઈમ શૉ'** રમાડવામાં આવશે.

આ કાર્યક્રમના પાસ **રૂા. ૧૫૦/-** લઈ તા. ૪-૪-૨૦૨૦ શનિવારના રોજ બપોરે ૩ થી ૪ માં સંસ્થાની ઓફીસમાં આપવામાં આવશે અથવા ૪-૪-૨૦૨૦ પહેલા કમિટી બહેનોને રૂા. ૧૫૦/- આપી લઈ શકાશે.

### 'લવાજમ'

વર્ષ ૨૦૨૦-૨૧ નું લવાજમ રૂા. ૨૦૦/- તા. ૪-૪-૨૦૨૦ ના રોજ લેવામાં આવશે અથવા તે પહેલાં કમિટી બહેનોને પણ આપી શકાશે.

**મંત્રી – ભાવેશ મોદી**

**સંયોજક – મનીષા કડકિયા**

**(તા.૧-૪-૨૦૨૦ થી) મો.-૯૯૨૦૩૪૭૩૨૨**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## જાહેર ટેન્ડર

**શ્રી મનોજભાઈ/શ્રી અમરીષભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના**

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે.

ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજક **શ્રી દર્શન હરીશ પરીખ**નો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવી લે. **તેઓએ પોતાની ઓફર 'સીલ્ડ' (Seald) કવરમાં સંસ્થાની ઓફીસમાં તા. ૩૧-૩-૨૦૨૦ પહેલા જમા કરાવવાની રહેશે.**

**નોંધ :** નોટબુક સાઈઝ A-4 ઝમ્બો રહેશે. ★ નોટબુક પાના ૫૪ ગ્રામ રહેશે. નોટબુક કવર પેજ સાથે ૧૮૪ પાના ના રહેશે.

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી – ૯૮૬૯૦૮૦૨૮૭**

**સંયોજક – શ્રી દર્શન હરીશ પરીખ – ૯૯૨૦૪૦૨૦૨૨**

# D P ZAVERI JEWEL

GOLD & DIAMOND JEWELLERY | UNCUT DIAMOND JEWELLERY





THE JEWEL WORLD

G-15, COTTON EXCHANGE BUILDING, ZAVERI BAZAR – KALBADEVI,

MUMBAI – 400002.

NAKKUL ZAVERII | JHEEL ZAVERI

+91 8655119400

Office No- 022-60605850 | 022-22415850

Email Id- nakkulzaverii@gmail.com

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
### સૌજન્ય
## શ્રી રજનીકાન્ત મણીલાલ શાહ (નગરશેઠ)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનમાં નોટબુક આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૨૨-૫-૨૦૨૦ સુધી સંસ્થાની ઓફીસ અથવા સંયોજક શ્રી દર્શન હરીશ પરીખ C/o. દિવીજ એન્ટરપ્રાઈઝ, ઓફિસ નંબર-એફ, ન્યુ જવાહર મેન્શન, સીતારામ પોદાર માર્ગ,પહેલી ફણસવાડી, મુંબઈ - ૪૦૦૦૦૨ માં સંપૂર્ણ વિગતો સાથે ભરીને આપી જવા.

આ અંગે નવા અરજીપત્રકો સંસ્થાની ઓફીસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૪-૬-૨૦૨૦ ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર, બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૦૦
(દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.)

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા
### સૌજન્ય
# કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષ આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુક વેંચાણ હાથ ધરેલ છે.

A-4 સાઈઝ બુકનું વેચાણ તા. ૩૧-૫-૨૦૨૦ ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળેથી હાથ ધરાશે અને નોટબુક હશે ત્યાં સુધી મળશે.

**શહેર વિભાગ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફીસ : ફોન : ૨૩૮૮૭૦૦૬, સમય : સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭, રવિવાર સવારે ૮.૦૦ થી ૧૧.૦૦, બુધવાર ઓફિસ બંધ રહેશે.

**ઉપનગર વિભાગ**

૧) અજય પ્રવિણચંદ્ર દોશી - અંધેરી
૨) કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) - કાંદિવલી
૩) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) - બોરીવલી

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટ નકલ અથવા હૉલ ટિકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુક આપવામાં નહી આવે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી** **સંયોજક : શ્રી દર્શન હરીશ પરીખ**

SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension – *743

Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy




Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link
Building Networks for People



# કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ ફગવા મહોત્સવ વર્ષ ૨૫ મું

**'આંખોને ગમતા રંગ જોયા મોરપીંછમાં પણ માધવનો રંગ માણવા રાધા થવું પડે''**

**(શ્યામ સાધુ)**

આમ તો નાનપણથી જ મને ફગવા મહોત્સવનું આકર્ષણ રહ્યું છે. ફગવાના દિવસે મનોરથીના ઘરે સમાજ બેસે, કિર્તન થાય, ત્યારબાદ ઠાકોરજીને શણગારેલી પાલખીમાં પધરાવી શોભાયાત્રા કાઢી વાજતે ગાજતે ગંતવ્ય સ્થાને વાડીમાં કે હોલમાં કે ફગવે લઈ જઈ ખેલના દર્શન કરી, હોરી ખેલ રસિયાનો આનંદ માણી પ્રસાદ લઈ સૌ વૈષ્ણવો છુટા પડે છે. વર્ષોથી આપણા સમાજની આ પરંપરા રહી છે. ઉપનગર વિભાગમાં કાંદિવલી ખાતે હું રહુ છું ને છેલ્લા ૨૪ વર્ષથી ખૂબ ઉત્સાહ અને ઉમંગપૂર્વક અહીં ફગવા મહોત્સવનું આયોજન થતું આવ્યું છે. સમાજના સભ્યો અને કાર્યકર્તા અહીં ખૂબ આનંદપૂર્વક તન, મન, ધનથી સેવા આપી ખૂબ ઉલ્લાસપૂર્વક આ ઉત્સવનો આનંદ માણે છે અને કાંદિવલી બાલાસિનોર સમાજના એક સક્રિય કાર્યકર્તા તરીકે હું અને મારો પરિવાર પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક સેવા આપી ઉત્સવમાં સહભાગી થઈએ છીએ. વર્ષ ૨૦૧૨ માં અમારા પરિવારને પણ મનોરથી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

હવે વાત લખું તો આ વર્ષના ૨૫ મા વર્ષના ફગવા નિમિત્તેની લગભગ પાંચેક વર્ષ પહેલા નવા ફગવા લખવાની શરૂઆત થઈ ત્યારે ૨૫ માં વર્ષ નિમિત્તે ફગવા ઉત્સવના મનોરથી બનાવાનું સૌભાગ્ય.

**મનોરથી :** સ્વ. મંજુલાબેન બાબુલાલ મોદી (મેઘલીયાવાળા), ઉર્વશીબેન ગોપાલદાસ મોદી, હીનાબેન મહેન્દ્રભાઈ મોદી, કિરનબેન શશીકાંત મોદી, શિલ્પાબેન પરેશકુમાર મોદીના પરિવારને હસ્તે - કાંદિવલી ખાતેથી હીનાબેન મહેન્દ્રભાઈ મોદીને પ્રાપ્ત થયું. ત્યારથી જ લાગતું હતું કે ૨૫માં વર્ષનો ફગવો કંઈક અલગ હશે. હીનાબેન અને મહેન્દ્રભાઈ મારા બેન-બનેવી થાય એટલે અવસરના આયોજનમાં પ્રત્યક્ષ સહભાગી થવાનું અને એના વિશે સચિત્ર અહેવાલ લખવાનો મને ગૌરવ પણ છે અને આનંદ પણ એટલો જ છે !

લગભગ એક વર્ષ પહેલાં મનોરથી શ્રી મહેન્દ્રભાઈએ કાંદિવલીમાં સપ્તાહ ગ્રાઉન્ડ ખાતે ગ્રાઉન્ડનું બુકિંગ કરાવી દીધુ હતું. આ સપ્તાહ ગ્રાઉન્ડ માટે એમ કહેવાય કે જેમ ગોકુલમાં જઈએ અને રમણ રેતીમાં આળોટીએ તો ગોકુલ જવાનું સાર્થક થયું ગણાય. એમ કાંદિવલમાં જો કોઈ ધાર્મિક પ્રસંગ ઉજવાય ને એ જો આ સપ્તાહ ગ્રાઉન્ડમાં ઉજવાય તો ગોકુલના રમણ રેતીમાં આળોટીયાં જેવી અનુભૂતિ થાય. એટલું આ ગ્રાઉન્ડનું માહાત્મય છે. લગભગ દર મહિને ભાગવત સપ્તાહ કે ભગવાનના મનોરથ અહીં ઉજવાય છે.

દિવાળી પછી તુરંત જ ફગવા ઉત્સવના આયોજનની તૈયારીમાં સહુ લાગી ગયા. મનોરથી અને સમાજના કાર્યકર્તાઓએ સંખ્યાબંધ મિટીંગો બોલાવી વિચારોની આપ-લે કરી. ઉત્સવના આયોજનનો પાયો નાખ્યો. ખરેખર તો આ ઉત્સવને સૌભાગ્ય તો ત્યારે જ પ્રાપ્ત થયું જ્યારે પરમ પૂજ્ય ગુરૂ શ્રી ચતુર્થ પીઠાધીશ્વર શ્રી ગુરૂચરણ ગોસ્વામી શ્રી વિઠ્ઠલરાયશ્રી એ ઉત્સવમાં ઉપસ્થિત રહેવાની રજામંદી આપી. ને ખરેખર મનોરથીના પરિવારને સૌ કાર્યકર્તાઓ ઉત્સવની તાડમાર તૈયારીમાં લાગી ગયા.

ઉત્સવના કાર્યક્રમની રૂપરેખા સુંદર પ્લેમફલેટમાં શ્રી વસંતભાઈ દેસાઈએ છાપી આપી. આગલા દિવસના કાર્યક્રમમાં બપોરે હોરી-ફાગ રસિયા સંગીતનું આયોજન રાખવામાં આવેલ હતું અને સાંજના 'હોલ કે રંગ રાધા શ્યામ સંગ' નિલેશ ઠક્કર, અર્પિતા ઠક્કર અને સાથી કલાકારો દ્વારા ભક્તિમય સંગીત સંધ્યા માણવાનું નિમંત્રણ મનોરથી શ્રી મહેન્દ્રભાઈ દ્વારા બે સુંદર કાર્ડ દ્વારા છાપવામાં આવેલ હતું.

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**


**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**


## AUTHORISED DEALERS

dowell's®

AN ISD 9001 - 20001 CERTIFIED CO



BRASS CABLE GLANDS



LAUG AND TOOLS

શ્રીમતી પ્રતિમાબેન યોગેન્દ્ર ધારીઆ (સુરતવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

તા. ૧૩-૨-૨૦૨૦ના રાત્રે ઉત્સવના બે દિવસ પહેલા મનોરથીના નિવાસસ્થાને એક કપલ મિટીંગનું આયોજન રાખવામાં આવેલ હતું. સૌ કોઈને કામની જવાબદારીની વહેંચણી કરવામાં આવી ને સૌ ઉત્સવની તૈયારી માટે છુટા પડયાં.

તા. ૧૫-૨-૨૦૨૦ ના દિવસે શ્રીનાથજીનો પાટોત્સવને કાંદિવલમાં વસતા બાલાસિનોરવાસીઓ અને મનોરથી મહેન્દ્રભાઈ મોદી-હીનાબેન મોદી અને પરિવાર માટે એક નવલું નજરાણું લઈને આવ્યો હતો. સપ્તાહ ગ્રાઉન્ડને ખૂબ સુંદર રીતે શણગારવામાં આવેલ હતું. ચારે તરફથી શુશોભીત સુંદર ચંદરવા દ્વારા ગ્રાઉન્ડને પેક કરી અંદર સુંદર સજાવટ કરવામાં આવેલી હતી. બાવાશ્રીના સ્વાગતના બેનરો લગાડવામાં આવેલ હતા. ગ્રાઉન્ડમાં પ્રવેશ દ્વાર ઉપર મનોરથી દ્વારા ૬x ૧૦ ફૂટનું ફગવા મહોત્સવના ૨૫માં વર્ષના આયોજનનું ખૂબ જ સુંદર હોર્ડીંગ બનાવવામાં આવેલ હતું. કોઈને પણ તકલીફ ના પડે એમ ગ્રાઉન્ડના બે ભાગ પાડવામાં આવેલ હતા. એકમાં ઉત્સવનું આયોજન અને બીજામાં પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ગ્રાઉન્ડની અંદર ૨૦ x ૪૦ ફૂટનું મોટું સ્ટેજ બનાવવામાં આવેલ હતું. સુદંર લાઈટીંગ, ડેકોરેશન, ગ્રાઉન્ડની સિક્યોરીટીની જવાબદારી મુન્નાભાઈ ડેકોરેશનવાલાએ સુપરે પાર પાડી હતી.

૧૦ ફૂટનું ફગવા મહોત્સવના ૨૫માં વર્ષના આયોજનનું ખૂબ જ સુંદર હોર્ડીંગ બનાવવામાં આવેલ હતું. કોઈને પણ તકલીફ ના પડે એમ ગ્રાઉન્ડના બે ભાગ પાડવામાં આવેલ હતા. એકમાં ઉત્સવનું આયોજન અને બીજામાં પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ગ્રાઉન્ડની અંદર ૨૦ દ ૪૦ ફૂટનું મોટું સ્ટેજ બનાવવામાં આવેલ હતું. સુદંર લાઈટીંગ, ડેકોરેશન, ગ્રાઉન્ડની સિક્યોરીટીની જવાબદારી મુન્નાભાઈ ડેકોરેશનવાલાએ સુપરે પાર પાડી હતી.

બપોરે બે કલાકે ગ્રાઉન્ડમાં બહેનો માટે હોરી-ખેલ રસિયા સંગીતનું આયોજન કરવામાં આવેલ હતું. જતીપૂરા થી ખાસ ગણેશભાઈ શર્મા અને સાથે કલાકારો મંડળી સાથે વિવિધ સંગીતના વાજિંત્રો સાથે હાજર હતા. સમાજની બહેનો અને મનોરથીના ઘરની બહેનોએ એક પછી એક સુંદર રસિયા ગાઈ ફૂલોની હોળી ખેલી ખૂબ આનંદ લીધો. ગણેશભાઈ અને કલાકારોએ પણ સુંદર રસિયા ગાયા. કલાકારોએ પણ નાચી ગાઈ સૌને ખૂબ આનંદ કરાવ્યો. 'તેરે પીછે પડયો સાવરીંયા ડાર ગયો, ડાર ગયો રે રંગ બાકો સાવંરીયા', 'ઝીણો ઝીણો ઉડે રે ગુલાલ આવારે રસિયા, આવારે રસિયા, આવારે રસિયા' જેવા અનેક રસિયા ગવાયા. ત્યારબાદ સૌ કોઈ સાંજ ૫ કલાકે નાસ્તો કરી છૂટા પડયાં. લગભગ ૪૦૦ જેટલા વૈષ્ણવ ભાઈ-બહેનો એ આ રસિયામાં ભાગ લીધો. મનોરથી દ્વારા સૌ બહેનોને ડ્રાયફ્રુટની પહેરામણી આપવામાં આવેલ હતી અને ખાસ તો આ દિવસે સવારે ઉત્સવમાં ભાગ લેવા બાલાસિનોર ખાતેથી ખાસ મનોરથીના મિત્રો એવા શ્રી મયંકભાઈ કડકીઆ (ટીનુભાઈ ચોકસી), કૌશિકભાઈ ચોકસી, કમલેશભાઈ, વ્રજેશભાઈ, અવિનાશભાઈ, બકુલભાઈ સહ પરિવાર શ્રી શશિકાંત મોદી સાથે આવીને ઉત્સવના ઉત્સાહને બમણો કરી દીધો.

સાંજે ૬.૩૦ કલાકે આખું પંડાલ વૈષ્ણવોથી ઉભરાવા લાગ્યું હતું. બેક સ્ટેજ પર એલઈડી લાઈટ સ્ક્રીન અને ઠાકોરજીના વિવિધ સ્વરૂપની ઝાંખી કરાવતા ફલેગ્સનું ખૂબ સુંદર સેટ બનાવી ડેકોરેશન કરવામાં આવેલ હતું. નિલેશ ઠક્કર, અર્પિતા ઠક્કર અને કમ્પેરર સુનિલ સોની જેવા દિગ્ગજ કલાકારોની રજુઆત હોય ત્યારે દર્શકોની આતુરતા જોવા લાયક હતી. સાંજે બરાબર ૭ કલાકે નિલેશ ઠક્કરે, શ્રીજીના દર્શન કરાવી કાર્યક્રમની શરૂઆત કરી ત્યારબાદ શ્રી યમુના મહારાણીની આરતી પર નૃત્ય કલાકારોએ ખૂબ સુંદર નૃત્ય કર્યું. જાણે સાક્ષાત યમુના મહારાણીજી પધાર્યા હોય એવો માહોલ હતો. એલઈડી સ્ક્રીન ઉપર

# TUSHAAR DAWDA & ASSOCIATES

TDA

STRUCTURAL AUDITORS | CONSULTING CIVIL ENGINEERS | REPAIRS & REHABILITATION CONSULTANTS

**TUSHAAR Y. DAWDA, CIVIL ENGINEER ( B. TECH ), I.I.T. BOMBAY**

## Registration & Membership

• BMC Licensed Structural Engineer • BMC Licensed Surveyor ( At par with Architect ) • Institution of Engineers – M.I.E., Chartered Civil Engineer • PEATA • American Concrete Institute (India Chapter) • Indian Society of Structural Engineers

## Services

• Structural Auditing ( Inspection above False ceiling **WITHOUT BREAKING;** and External Areas of High Rise Buildings with **SPECIAL EQUIPMENTS** ) • Consultation for Repair Works • NDTs • Waterproofing • Tendering • Estimation • Monitoring • **LEAKAGE DETECTION** (using **GLOBALLY ACCLAIMED** instruments for **WATER** leakages)

**INTERIOR DESIGN AND EXECUTION WORKS UNDERTAKEN**

## Clientele

• Ambuja Cement • Royal Bombay Yacht Club, Gateway of India • Bombay Gymkhana • Mahalaxmi Chambers, near Breach Candy • Marol Church • Anjuman-I-Islam, C.S.M.T. • Holy Cross Church, Prabhadevi • Automotive Manufacturers', dealers of Maruti and Ashok Leyland • Parvati Industrial Premises, near Shah & Nahar, Lower Parel • Dudhwala Builders • Casby Group • Regal Cinema • A.H. Wadia Baug C.H.S.L., 4 Bldg. – 8 Floors and 1 Bldg. – 10 Floors • Odyssey – 1 C.H.S.L. – 27 storey tower at Hiranandani, Powai



Anjuman-I-Islam College, C.S.M.T.



Royal Bombay Yacht Club, Gateway of India



Mahalaxmi Chambers, Near Breach Candy



Odyssey – 1, Hiranandani, Powai

**B - 102, Giridwar Apartment, Near P.N.B. A.T.M., Mathuradas Road, Kandivali (W), Mumbai - 400067.**

**Ph. : + 91 98672 52867 / + 91 22 28085542**

**Email : tushaardawda@gmail.com. Website _ tushaardawda.com**

ઠાકોરજીના, યમુનાજીના, રાધા-કૃષ્ણના એક પછી એક સુંદર ચિત્રોની ઝાંખી ગ્રાફિક્સ દ્વારા દર્શાવવામાં આવતી હતી. એક પછી એક સુંદર ભજનો દ્વારા નિલેશ ઠક્કર અને અર્પિતા ઠક્કરે દર્શકોને જકડી રાખ્યા હતા. 'તુમ પ્રેમ હો, ગીત હો, મનમીત હો', 'મીઠે રસ સે ભર્યો', 'વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા' જેવા સુંદર ગીતો પર નૃત્ય કલાકારોએ પોતાનો પરફોમન્સ આપ્યો અને દરેક નૃત્ય પર વન્સમોરની દાદ મેળવી. મનોરથીના ઘરેથી હીનાબેન જાતે શ્રીજીબાવાની ભક્તિ સંગીતનું 'વાંકે અંબોડે શ્રીનાથજીને' ગીત પર સુંદર નૃત્ય કરી પોતાની કૃષ્ણ ભક્તિનો સૌને પરિચય કરાવ્યો. મનોરથીના સુપુત્ર શાહીલ અને સાળી સોનલબેનની સુપુત્રી યતીએ 'રાધા કૈસે ના જલે' ગીત પર નૃત્ય કર્યું. મનોરથીના નાના ભાઈ શશીકાંતભાઈની સુપુત્રી ડેલિશાએ રાજસ્થાની ગીત 'આજ બ્રીજમે હૈ હોલ રસિયા' પર નૃત્ય કરી સૌની વાહ-વાહ મેળવી. એક પછી એક સુંદર પરફોમન્સ પછી જ્યારે છેલ્લે 'મારા ઘટમાં બીરાજતા' ભજનને અંતે શ્રી ઠાકોરજીના ત્રણે સ્વરૂપ શ્રીનાથજી, યમુનાજી, મહાપ્રભુજી સાથે રાધા કૃષ્ણની સુંદર ઝાંખી સ્ટેજ પર થઈ ત્યારે દર્શકોની આંખો ભીંજાઈ ગઈ. ખૂબ સુંદર અને અદ્‌ભૂત દર્શન હતા. એક અલૌક્કિ અને ભક્તિમય વાતાવરણ રચાયું હતું. જેમાં એવું લાગે કે સૌ કોઈ રાધા ભાવે કૃષ્ણના રંગમાં રંગાઈ ગયા. કોરિયોગ્રાફર વૃષિકા અને દિશા દ્વારા રજુઆત કરાયેલ નૃત્યો ખરેખર કાબિલે તારીફ હતા. ઉપસ્થિત સૌ કોઈની વાહ-વાહ લઈ ગયા. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રખર વકતા કમ્પેરર સુનિલ સોની દ્વારા કરાયુ હતું. કાંદિવલી બાલાસિનોરના ૨૫માં વર્ષ નિમિત્તે યોજવામાં આવેલ આ કાર્યક્રમ ખરેખર સમાજના ૨૫માં વર્ષનું ગૌરવ વધારે એ લેવલનો હતો. મનોરથી શ્રી મહેન્દ્રભાઈ અને હીનાબેને સૌ કલાકારોનું મંચ પરથી અભિવાદન કર્યું ને સૌના પરફોમ્નસને બીરદાવ્યો. ત્યારબાદ ૯.૩૦ કલાકે સૌ વૈષ્ણવો પ્રસાદ લઈ છૂટાં પડયા ત્યારે દરેક વૈષ્ણવોના ચહેરા પર એક સુંદર અદ્‌ભૂત કાર્યક્રમ માણ્યાની લાગણી હતી. કાર્યક્રમમાં લગભગ ૬૫૦ થી ૭૦૦ જેટલા વૈષ્ણવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમનો આનંદ માણ્યો. રાત્રે ૧૨ કલાકે સમાજના કાર્યકર્તાઓ દ્વારા શ્રી ઠાકોરજીના મંડપનું આંબાના પત્તા અને ઓર્કિડ ફૂલો દ્વારા સુંદર સજાવટ કરવામાં આવેલ હતું. દર વર્ષની જેમ વિરપુરવાલા કલ્પેશભાઈના માર્ગદર્શનમાં મંડપની સજાવટ કરાઈ હતી.

તા. ૧૬-૨-૨૦૨૦ના સવારે શ્રી વિઠ્ઠલબાવાની મુંબઈ ખાતે પધરામણી થઈ હતી. બપોરે ૧.૩૦ કલાકે મનોરથીના નિવાસ સ્થાને વિરપુરના સભ્યોની મંડળી દ્વારા રસિયાનું આયોજન હતું. તેમનું નિવાસસ્થાનનું ખૂબ સુંદર ડેકોરેશન કરાયેલ હતું. તેમના નિવાસ સ્થાને ખાસ વૈષ્ણવો માટે ગ્રાઉન્ડમાં એલઈડી ટી.વી.ને સ્પીકર સાઉન્ડની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. જેથી આવેલા વૈષ્ણવો રસિયા સંગીતનો લાભ લઈ શકે. શ્રી વિઠ્ઠલબાવાની પધરામણી તેમના નિવાસ સ્થાને થઈ. બાવાશ્રીનું ખૂબ સુંદર સ્વાગત મનોરથી અને ઉપસ્થિત વૈષ્ણવો દ્વારા કરવામાં આવ્યુ હતું. મનોરથી દ્વારા ભવ્ય આતશબાજી અને ફૂલોની તોપ દ્વારા બાવાશ્રીને સલામી આપવામાં આવેલ હતી. રાજસ્થાનથી ખાસ આવેલા રાજસ્થાની યુવક-યુવતી કલાકારો દ્વારા નૃત્ય કરી બાવાશ્રીનું અભિવાદન કરાયુ હતું. બાવાશ્રીએ પણ મનોરથીના નિવાસ સ્થાને રસિયા ગાઈ સૌ વૈષ્ણવોનો ઉત્સાહ વધાર્યો. ત્યારબાદ શોભાયાત્રાની શરૂઆત થઈ. શ્રી ઠાકોરજીની પાલખી ઓર્કિડના ફૂલો દ્વારા સુંદર રીતે શુશોભન કરાઈ હતી. શોભાયાત્રામાં સમાજના સભ્યો, નૃત્ય કલાકારો, ફૂલોની તોપ, બેન્ડબાજાવાલા, સુંદર સજાવટ વાલા બે ઘોડા સામેલ હતા. એક ભવ્ય શોભાયાત્રા લાગતી હતી. સૌ કોઈ આનંદથી નાંચતા હતા. જય જય શ્રી ગોકુલેશની ધૂન ગાતા હતા. શ્રી ઠાકોરજીની પાલખીનું ફુલો દ્વારા સ્વાગત કરતા હતા.

# જે. જે. શ્રી ગોકુલેશ

# LALSON

MFG OF ELECTRICALS, ENGINEERING & FABRICATION PRODUCTS



CONTROL PANEL ACCESSORIES
BUSH & SHEET METAL WORKS
FABRICATION WORKS

lalson®

FIBER MOULDING WORKS(FRP)
PLASTIC MOULDING
BAKELIT MOULDING

**Bhadresh Lalchand Mody.**
+91 98693 59912

**Bhavik Bhadresh Mody**
+91 98213 72989

Head Off:- A1/A2, Buildnig No :-3, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar (west), 401404.
Tel: - 02525-250218, Mobile: +91 90221 66973, +91 93226 53868
Email:- lalsonindia@gmail.com, saleslalson@gmail.com

**PLASTIC & BAKELITE WORK**
Unit 1:- 14/15, Manisha Industrial Estate, Palghar Boisor Road, Palghar(west)

**FIBER MOULDING WORK**
Unit 2:- C1/C2, Diamond Industrial Compound, Kaman, Vasai(east)

**CONTROL PANEL ACCESSORIES**
Unit 3:- 33, Bombay Talkies Compound, opp Goodluck Transport, Malad(west).

મુખ્ય આકર્ષણ તો ફૂલોની તોપોનું હતું. તેના દ્વારા શ્રી ઠાકોરજીની પાલખીને ફૂલોની સલામી અપાતી હતી. બેન્ડવાજા વાલા સુંદર ભક્તિ ગીતોની ધૂન રેલાવતા હતા. નાંચતા-ગાતા સૌ કોઈ સપ્તાહ ગ્રાઉન્ડ પહોંચ્યા. ભવ્ય આતશબાજી દ્વારા શ્રી ઠાકોરજીની પાલખીનું સ્વાગત કરાયું. ત્યારબાદ શ્રી ઠાકોરજીને મંડપમાં લઈ જવાયા. ને વિરપુર સમાજના સભ્યોએ કિર્તન ગાયા. ખાસ તો લખવાનું કે દરેક ફગવા મહોત્સમાં વિરપુર સમાજની મંડળી વર્ષોથી કિર્તન કરતી આવી છે. વિરપુર સમાજના દરેક સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન. ખેલના દર્શન બાદ મનોરથી શ્રી મહેન્દ્રભાઈ મોદીએ વિરપુર સમાજના સભ્યોનું શાલ ઓઢાડી ગીફ્ટ આપી સન્માન કર્યું.

શ્રી ઠાકોરજીના ખેલના બહુ સુંદર અને અલૌકિક દર્શનનો સૌ વૈષ્ણવોએ લ્હાવો લીધો. આખું પંડાલ વૈષ્ણવોથી ભરાઈ ગયું. લગભગ ૧૩૦૦ થી ૧૪૦૦ વૈષ્ણવો ઉપસ્થિત હતા. ને જ્યારે વિઠ્ઠલબાવાશ્રીએ તેમના આર્શિવચન આપવાની શરૂઆત મંચ ઉપરથી કરી ત્યારે સૌ કોઈ શાંત થઈ એકચિત્તે તેમને સાંભળવા લાગ્યા. શ્રી બાવાશ્રીએ મનોરથી દ્વારા કરાયેલ વ્યવસ્થાની સરાહના કરી. આપણા દ્વારા ઉજવાતા ઉત્સવની પરંપરા પર પ્રકાશ પાડી કઈ રીતે ઉત્સવ સાદાઈથી ઉજવવા, યુવાનોને કઈ રીત વધુમાં વધુ ઉત્સવોમાં સામેલ કરવા એની પર પ્રકાશ પાડયો. આપણા ગુરૂ ઘરની પરંપરા અને ઉત્સવો વિશે એમના અનુભવનું વર્ણન કર્યું. બાવાશ્રીએ અંતમાં સૌ વૈષ્ણવોને બરોડા એમનેત્યાં લાલના યજ્ઞોપવિત પ્રસંગે આવવા આમંત્રણ આપ્યું અને શ્રી ગોકુલનાથજીના ઘરેથી પ્રગટ થતી ટીપ્પણી વિશે સૌ કોઈને સમજાવ્યા. લગભગ એક કલાક આપશ્રીનું સુંદર આર્શિવચન ચાલ્યું. ત્યારબાદ સૌ કોઈ વૈષ્વોએ પ્રસાદ લીધો. પ્રસાદ માટે ખૂબ સુંદર વ્યવસ્થા કાર્યકર્તાઓ દ્વારા કરાઈ હતી. ૩ પ્રસાદના કાઉન્ટ રાખવામાં આવલે. મોહનથાળ, બુંદી ખાસ તો મનોરથી તરફથી એક્સ્ટ્રા મીઠાઈમાં ૨૫ વર્ષ નિમિત્તે ડ્રાયફ્રુટ બાસુંદી, લીલવાની કચોરી, ભીંડાનું શાક રાખવામાં આવેલ હતા. બટાકાનું રસાવાળુ શાક, ખમણ ઢોકળા, ફૂલવડી, દાળ-ભાત, કચુંબર, પાપડ-પુરીની સ્વાદિષ્ટ પ્રસાદી. ખાસ બાલાસિનોરથી મનહરભાઈ રસોઈયા અને તેમના મહારાજો દ્વારા કરાઈ હતી. ક્યાંય ભીડ-ભાડ નહી. ખૂબ શાંતિપૂર્વક દોઢ કલાકમાં ૧૨૦૦ થી ૧૩૦૦ વૈષ્ણવોએ પ્રસાદી લીધી. રાત્રે ૧૧.૩૦ કલાકે સૌ છુટાં પડયા. ત્યારે ૨૫ માં વર્ષને સાર્થક ઉત્સવ માણ્યાની લાગણી સૌ કોઈના ચહેરા પર હતી.

મનોરથી શ્રી મહેન્દ્રભાઈ બાબુલાલ મોદી (મેઘલીયાવાળા) અને તેમના પરિવાર માટે તો શું લખું ? ઉત્સવના દરેક કાર્યક્રમની તૈયારી એમણે અને એમના પરિવાર સભ્યોએ સુપરે પાર પાડી હતી. તેમના દ્વારા ફગવા ઉત્સવ નિમિત્તે દરેક કાર્યકર્તાઓને પરિવાર દીઠ સુંદર ગીફ્ટ આપવામાં આવેલી હતી. કાંદિવલી બાલાસિનોર સમાજને તેમણે આ પ્રસંગે રૂા. ૧૦૦૦૦૦/- નું માતબર ભંડોળ આપ્યું હતું. આ સમગ્ર આયોજનનો ખર્ચ તેમના દ્વારા કરવામાં આવેલ હતો. દરેક સંસ્થા કે સમાજને આવા મનોરથી માટે ગૌરવ હોવું જ જોઈએ ! ખાસ તો ઉત્સવ સાથે વર્ષોથી સંકળાયેલા દરેક કાર્યકર્તાઓ, સમાજના સભ્યો, વડીલો ને સમાજમાં સૌને પ્રિય એવા યુવાન સન્ની સંજય ગાંધી, જાનીશ, પ્રેમલ, પ્રિયાંક, વીકી જેવા યુવાનોને તનતોડ મહેનત કરતા જોઉં ત્યારે એવો પ્રશ્ન મને જરૂર થાય કે રાત-દિવસ કાર્ય કરતા આ સૌ કાર્યકર્તાઓને થાક નહી લાગતો હોય. ખરેખર આ સૌને ઠાકોરજી શક્તિ આપતા હશે. સમાજ પાસે જ્યારે આવા નિસ્વાર્થ કાર્યકર્તાઓ અને ઉદારદિલ મનોરથીઓની ફોજ હોય ત્યારે સમાજ ૨૫ વર્ષની ઉજવણી તો શું ૧૦૦ વર્ષની ઉજવણી કરવા તરફ અગ્રેસર રહેશે !

આ ઉત્સવની યાદો દરેકે દરેક વૈષ્ણવોના હૃદયમાં વર્ષો સુધી તાજી રહેશે. એક યાદગાર, અવિસ્મરણીય મનોરથ !

**જય જય શ્રી ગોકુલેશ**

**દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાલા)**

# જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ



**જ્યોતિપુંજ સહર્ષ યોજે છે ચિત્રકામ હરિફાઈ.**

આ હરિફાઈ બે ગ્રુપમાં રાખી છે. હરિફાઈ માટેના વિષયો, નિયમો નીચે મુજબ છે.

**૧) ગ્રુપ નં. - ૧ (ઉંમર વર્ષ ૪ થી ૮)**

જ્યોતિપુંજ માર્ચ ૨૦૨૦ ના પાના નં. ૨૩ પર દોરેલા ચિત્રમાં મનગમતા રંગ પૂરો અને તમારું ચિત્ર અમને મોકલાવો.

**૨) ગ્રુપ નં. - ૨ (ઉંમર વર્ષ ૯ થી ૧૨ વર્ષ)**

સ્ટાન્ડર્ડ સાઈઝના ડ્રોઈંગ (A-૪) પેપર પર નીચેના માંથી કોઈપણ એક વિષય પર ચિત્ર દોરી મનગમતા રંગ પુરવા.

**વિષય :** (૧) પતંગ ઉત્સવ (૨) ગાલીચામાં ડિઝાઈન (૩) મારો બગીચો (૪) રેસનું દૃશ્ય (કોઈપણ પ્રકારની રેસ-દોડવું, સાઈકલ, મોટર વગેરે) (૫) છાપું વાંચતા દાદાજી.

**નિયમો :**

૧) એક બાળકનું એક જ ચિત્ર સ્વીકારાશે.


૨) ચિત્ર પર કંઈ જ લખવું નહિ. પરંતુ આ સાથે એક સ્વચ્છ સારા કાગળ પર વસ્તીપત્રક ક્રમાંક, બાળકનું આખું નામ, પિતાનું આખું નામ, ખીજ, ઉંમર, ધોરણ (જેની પરીક્ષા આપી હોય તે) સરનામું, ટેલીફોન નંબર લખવા.


૩) વિગત લખેલા કાગળ સાથે ચિત્ર કવરમાં પેક કરી, કવર પર જ્યોતિપુંજ ચિત્રકામ હરિફાઈ લખી પ્રશાંત પરીખની ઓફિસે રૂબરૂ અથવા પોસ્ટ, કુરિયર દ્વારા મોકલવું. એડ્રેસ : એપેક્સ સર્વિસિઝ, ૫૯, નંદભવન, રૂમ નં.-૩૫, બીજે માળે, બાબુગેનુ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય : બપોરના ૧૧ થી સાંજના ૭.

૪) તમારું ચિત્ર તા. ૭-૫-૨૦૨૦ સુધી અમને મળી જવું જોઈએ.

૫) બંને ગ્રુપના પ્રથમ, દ્વિતિય, તૃતિય ઈનામો એનાયત થશે અને નિર્ણાયકોના મત મુજબ કોન્સોલેશન પ્રાઈઝ પણ આપવામાં આવશે.

૬) સંઘના હોદ્દેદારો તથા તંત્રીમંડળના નિર્ણયો બધી બાબતમાં આખરી ગણાશે.


माझी मुंबई
स्वच्छ मुंबई
USE ME
ALWAYS THROW WASTE IN THE BIN
YES. स्वच्छ भारत स्वस्थ भारत.


TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
POLYCAB
Concealed Metal Boxes
For
Modular Series
CLETA
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
ESTD : 1958
PRABHAT CABLES PVT. LTD.
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

# મા- બાપે બાળકને સમય આપવો જ જોઈએ

✍ **તંત્રી મંડળ તરફથી**

એક દિવસ એટલે ૨૪કલાક. વડાપ્રધાન હોય કે ઘર નો નોકર દરેક જણ પાસે એક દિવસમાં ચોવીસ કલાક જ હોય છે. આજના યુગમાં વેરી બીઝી થઈ જવું તે આવનારી પેઢી માટે નુકશાનકારક સાબિત થઈ શકે છે. સુખેથી સુમેળતાથી વડીલો સાથે, મા-બાપ સાથે રહેવું તે જીવનની સચ્ચાઈ છે. સંયુક્ત કુટુંબમાં બાળક લાડ-પ્યારથી ખીલી ઉઠે છે.

દરેક બાળકને પોતાના વિચારો, પોતાની સમસ્યાઓ હોય છે. મા-બાપના અતિ ગુસ્સાના કારણે તે અંગત સમસ્યાઓ રજૂ કરી શકતું નથી. ઘણા બાળકને પપ્પા સાથે ફાવે છે તો કોઈને દાદી સાથે વગેરે. ઘણા બાળકને ઘણા પ્રકારની એલર્જી હોય છે. તો કોઈને આંખો દુ:ખે છે, કોઈને માથુ દુ:ખે છે, કોઈને વારંવાર ભૂખ લાગે છે. આમાં કહેવું કોને ? અકળામણ થાય છે. ઉપાય નથી મળતો. કોઈ બાળકને બહારની વ્યક્તિ ધમકાવતી હોય છે. સ્કૂલે લાવવા-લઈ જવા વખતે બાળકોને મારતા હોય છે.

જ્યારે ઘરમાં મા-બાપ બહારની વ્યક્તિ (નોકર, ડ્રાઈવર, રસોઈયા) સામે એટલે કે તેની હાજરીમાં ઝઘડે છે ત્યારે આવા ઘરના ઘાતકી જ આપણા બાળકનો લાભ લે છે, તેને ધમકાવે છે, હેરાન કરે છે, બળાત્કાર કરે છે. બાળકને હંમેશા સુરક્ષિત અવસ્થામાં રાખવું તે મા-બાપની ફરજ છે, જે કોઈપણ ભોગે ચૂકી શકાય નહીં.

અત્યારે ઘણાં બાળકોની પરિક્ષા પતી ગઈ હશે, ઘણાંની ચાલતી હશે તો ઘણાંની હવે શરૂ થશે સ્કૂલ, કૉલેજ, ક્લાસીસ, ટ્યુશન્સ બધાને પોતાનાં હોર્ડિંગ્સ લટકાવવા છે. અમારા હોંશિયાર વિદ્યાર્થીને જોઈલો. પરંતુમા-બાપને ચોક્કસપણે ખબર હોય છે કે તેનું બાળક કેટલા પાણીમાં છે. તેની આવડત હોંશિયારી શું છે ? ખરેખર તેને શું ગમે છે, કયા વિષય તેને આકર્ષે છે. બાળકની દરેક સમસ્યાને, ગમા-અણગમાને ધ્યાનમાં રાખીને તેને પ્રોત્સાહિત કરવા જોઈએ. અત્યારના પરીક્ષાના સમયમાં મા-બાપની તેને વધારે જરૂર હોય છે ત્યારે મા-બાપે 'બહાર' ના લોકને 'ના' પાડતા શિખવું જોઈએ. બાળક જેટલું પોતાના મા-બાપ સાથે પરિવાર સાથે સુરક્ષિત હોય છે. પ્રગતિકારક બનવાની તક ઝડપે છે તે બધું બીજે ઓછું પૂરવાર થાય છે. ✤✤✤


## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | **પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | **પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| ૩) | **મુદ્રક અને પ્રકાશકનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૪) | **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| ૫) | **તંત્રીનું નામ** | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૬) | **જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી)** : બંકિમ રજનીકાન્ત પરીખ

**તા.૨૧.૩.૨૦૨૦** **પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

Mr. BHARAT K. DOSHI
98210 27136

I.S.W.P.
BHS
ISWP

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280; Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**




ચૈત્ર સુદ એકમથી નોમ સુધી નોરતાંમાં શક્તિપીઠોમાં માતાજીની આરાધના થાય છે. આ દિવસોમાં શક્તિ પૂજાનો ખૂબ મહિમા છે. નોરતાં એટલે નવરાત્રિ. ગુજરાતી મહિનામાં નવરાત્રિ બે વખત આવે છે. એક વખત આસો મહિનામાં ને બીજી વખત ચૈત્ર માસમાં. આ બંને નોરતામાં શક્તિની આરાધના સતત નવ દિવસ સુધી ચાલે છે. આસો મહિનામાં નવરાત્રિ આસો સુદ એકમ (પડવા) થી નોમ સુધી ચાલે છે. જ્યારે બીજી નવરાત્રિ ચૈત્રમાં આવે છે. લોકો કહે છે કે આસો માસની નવરાત્રિ મોટી નવરાત્રિ છે, જ્યારે ચૈત્ર માસમાં આવતી નવરાત્રિ નાની નવરાત્રિ છે.

**'સમગ્ર વર્ષ દરમ્યાન શક્તિ ઉપાસનાના બે મહાપર્વો આવે છે. બંને પર્વો નવ દિવસના-નવરાત્રિના હોવાથી તેને 'નવરાત્રિ' અથવા 'નોરતા' કહે છે.** આસો માસની નવરાત્રિ **'શારદિય નવરાત્રિ' (મોટાં નોરતાં)** તરીકે ઓળખાય છે. ચૈત્રની નવરાત્રિ **'વાસંતિક નવરાત્રિ' (નાનાં નોરતાં)** તરીકે ઓળખાય છે. બંને નવરાત્રિઓ દરમ્યાન તમામ શક્તિપીઠોમાં મહાન શક્તિઓની સાધના-આરાધના તો થાય છે, પરંતુ આસોના મોટાં નોરતાં પૂર્વ અને પશ્ચિમ ભારતમાં સામાજિક સ્તરે જાહેરમાં મોટા ઉજવાય છે. ચૈત્રમાં નાનાં નોરતાં વિશેષતઃ વ્યક્તિગત રીતે અથવા મર્યાદિત સમૂહમાં ઉજવાય છે. જુદા જુદા ક્ષેત્રોમાં શક્તિપૂજન અને ઉપાસનાની વિધિમાં ઘણા ફેરફારો જોવા મળે છે. ચૈત્ર મહિના

**'એકબાજુ ફાગણની રમ, એકબાજુ વૈશાખની વ્યથા,**
**વચમાં ચૈતર જાય છે ચાલ્યો, એજ રે જાણે જીવન કથા.'**

નવરાત્રિ એટલે શક્તિ અને ભક્તિનો તહેવાર - દેવીશક્તિનો આસુરીશક્તિ ઉપર વિજયનો ઉત્સવ. તે માતૃશક્તિ પૂજાનો ધાર્મિક લોકોત્સવ છે. શક્તિ એ સ્ત્રી છે. સ્ત્રી એ સૂર્યની જેમ આદ્યશક્તિનું સ્વરૂપ છે. સ્ત્રી સર્જક, સંવર્ધક અને સંયોજક છે ને સુશોભક છે.

નોરતાં શરૂ થતાં પહેલાં શ્રદ્ધાળુ ભાઈ-બહેનો પોતાના ઘરમાં કે જ્યાં નોરતાં થવાનાં હોય ત્યાં દુર્ગાદેવીની મૂર્તિ સ્થાપવામાં આવે છે અને ત્યાં જમીનમાં અનાજના દાણા નાખી **'જવારા'** વાવવામાં આવે છે. દેવી દુર્ગાનું સ્થાપન યંત્રથી પાડેલ છિદ્રોવાળા માટીનાં ઘડામાં દીપ મૂકવામાં આવે છે ને ઉપર કોડિયું મૂકી તેમાં માટી ભેગા અનાજના દાણા વાવવામાં આવે છે. તેને 'જવારા' કહેવામાં આવે છે. આ ઘંઉના જવારા એ શરીર પોષણ શક્તિનું પ્રતીક છે. જ્યારે ગરબો એ ઘટરૂપી ઘડો છે. કોરા ઘડાને કોરાવીને નવ છિદ્રો પાડી તેમાં ગર્ભ દીપ મૂકી કન્યાઓ માથે મૂકી ઘેર ઘેર ફરે છે અને અંબા માતાનો ગરબો ગાય છે. ઘડો અને દીપ બંને પ્રતીક રૂપે પણ જોવામાં આવે છે.

ગરબો એ ગર્ભગૃહ શબ્દ પરથી ઊતરી આવ્યો છે. ગર્ભ એટલે જીવનનું રૂપ, ગૃહ એટલે ઘર, જીવ રહે તેવું ઘર. એટલે કે જેમાં જીવ રહ્યો છે. ગર્ભગૃહ પરથી **'ગરબો'** શબ્દ બન્યો છે. આ ઘડાને મનુષ્યના દેહની સાથે સખાવવામાં આવે છે. જેમ આપણા આ માટીના નવ દ્વારવાળા દેહમાં આત્મરૂપી દીવો જ્યાં સુધી સળગે ત્યાં સુધી શરીરની કિંમત છે. દીવો ઓલવાઈ ગયા કે બુજાઈ જાય એટલે શરીરમાંથી પ્રાણ (જીવ) ચાલ્યો ગયો તેમ સમજવું ને માણસનું મૃત્યુ થાય છે. દીવો એ કર્મના સાક્ષીરૂપ આત્માના પ્રતીક તરીકે ઓળખાય છે. મનુષ્યે સારાં કર્મો કરી જગતમાં અજવાળું પાથરવાનું છે.

ગુજરાતના બધાં શક્તિસ્થાનકોમાં નવરાત્રિના નવે નવ દિવસો સુધી શ્રદ્ધાળુ ભક્તોની ભીડ થતી રહે છે. અહીં દરરોજ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં આવી,

Dipesh Desai
9821115849

Harsh Desai
7977911412

# TRADE LINK

SERVING SINCE 1989

AUTHORISED DISTRIBUTOR OF HENSEL & AJMERA




HENSEL



AJMERA MARINE LIGHT FITTINGS & SWITCH GEARS .

AJMERA
Marine Light Fittings & Switchgears




ADDRESS : 21-B 1st FLOOR , SARDAR GRIHA BUILDING , 33 LOHAR CHAWL , MUMBAI -400002.
**TEL: 40055849/66310540/39567231 MOB : 9819158669/9821115849 TALK FREE : *7231**
**E-mail : tradelink_90@yahoo.co.in / tradelink1967@gmail.com**
**WEBSITE : www.tradelinkindia.net**

માતાજીની ભક્તિ, અર્ચના તથા આરાધના કરે છે. ચૈત્ર સુદ એકમથી નૌમ સુધી ભક્તો શક્તિની પૂજા કરે છે.

પ્રાચીનકાળથી જ ધર્મમાં, પૂજામાં શક્તિની આરાધના કરવાનું ચાલ્યું આવે છે. આ પ્રકારની પૂજા ફક્ત એક દિવસ પૂરતી જ નથી પરંતુ સતત નવ નવ દિવસ સુધી માતાની આરાધના કરવાનો શુભ અવસર છે. આ દિવસોમાં ઘેર ઘેર માતાજીના ગરબાની સ્થાપના કરવામાં આવે છે. અહીં નાનાં સ્થાનકો રચાય છે ને ભક્તજનો ઘેર શક્તિની પૂજા કરે છે.

શક્તિ વગર જીવન શક્ય નથી. આ શક્તિના સ્વરૂપ એટલે જ મા. અંગ્રેજીમાં જેને મધર ગોડેસ કહેવામાં આવે છે. શક્તિનું બીજું નામ સ્ત્રી છે. વિવિધ પ્રકારના દૈત્યો, રાક્ષસો, અસુરોને હણવા માટે આવી શક્તિઓનું પ્રાગટય થયું હતું. પરિણામે આ શક્તિઓએ તમામ દૈત્યોનો નાશ કરીને લોકોને રાક્ષસોના ત્રાસમાંથી મુક્ત કર્યા હતાં. આ બધા લોકો માતાજીના ઉપકારોના બદલામાં તેમની પૂજા, આરાધના ને અર્ચના કરવાનું શરૂ કર્યું. જે સમય જતા શક્તિ આરાધનાના પર્વો રૂપે પ્રચલિત બન્યું છે. જે ચૈત્ર નોરતાં તથા આસો માસની નવરાત્રિમાં વિવિધ અધિષ્ઠાનોમાં શક્તિની પૂજા થાય છે.

**ભક્તની પ્રાર્થના.**

**या देवी सर्व भुतेषु शक्तिरुपेण संस्थिता ।**

**नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमो : ।।**

**અર્થાત :**

**'જે દેવી સર્વ પ્રાણીઓમાં શક્તિરૂપે વિરાજે છે**

**તેને મારા નમસ્કાર, નમસ્કાર, નમસ્કાર હોજો.**

## પાવાગઢના સ્થાનક વિશે ટૂંકાણમાં માહિતી આ પ્રમાણે છે :

'પાવાગઢના ડુંગર પર કાલીમાતાનું મંદિર છે. પુરાણોમાં આ પર્વતને દુર્ગ કહે છે. બૉમ્બે ગૅઝેટીયરના મત પ્રમાણે કાલિકાજીનું નાનું જૂનું મંદિર છે. તે દોઢસો વર્ષ જૂનું છે. માતાના ગરબાઓમાં કાલિકાજી પાવાનાં પટરાણી તરીકે પ્રસિદ્ધ થયા છે.'

ચૈત્રી તથા શારદીય નવરાત્રિએ અહીં મહોત્સવ થાય છે તથા ચારેય નવરાત્રિમાં મોટાં હવનો થાય છે, ત્યારે રાજ્યભરમાંથી યાત્રીઓ સંઘો કાઢી આવે છે. ડુંગરના શિખર પર કાલિકાજીનાં દર્શન થોડુંક નીચે ઊતરતાં બીજી ટેકરી પર ભદ્રકાળીનું મંદિર છે. અહીં કાલિકાજીના મંદિરમાં મહાકાળી, ભદ્રકાળી તથા બહુચરાજીનાં યંત્રો છે. વચ્ચે કાલિકાજીનાં યંત્ર પર મુખવટો છે. લોકકથા પ્રમાણે ના પાડવા છતાં કાલકાજી ગરબા ગાવા ગયાં તેથી રિસાઈને ભદ્રકાલી મોં ફેરવે છે, તેથી તેમની બન્નેની મૂર્તિઓ અનુક્રમે ઉત્તરાભિમુખ ને દક્ષિણાભિમુખ થાય છે. કાલિ એટલે રુદ્રરૂપ, બંને અર્થમાં તે શિવનું વિશેષણ છે. તેમની શક્તિરૂપે કાલી, મહાકાલી ને ભદ્રકાલી વગેરેની પૂજા થાય છે. પૌરાણિક કથા પ્રમાણે દક્ષયજ્ઞમાં ઉમા સતી થયા ત્યારે શિવે વીરભદ્રને ભદ્રકાલીને સર્વનો સંહાર કરવાં સર્જ્યા. ભદ્રકાળી એ કાળીનું સૌમ્યરૂપ છે. તે નગરોની અધિષ્ઠાત્રીની ગણાય છે.

અહીં વિશ્વામિત્ર ઋષિએ તપ કરેલું તેમણે કાલિકાજીની સ્થાપના કરી હતી ★★★

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલ દાન

| | |
|---|---|
| ૧. એક શુભેચ્છક તરફથી | રૂા. ૨૫,૦૦૦/- |
| ૨. શ્રી દિલીપકુમાર નટવરલાલ ધારીઆ (દાઉદીયા) ના સુપુત્ર ચિ. ઝલકના લગ્ન પ્રસંગે | રૂા. ૧૧,૦૦૦/- |

સંસ્થા ઉપરોક્ત દાતાઓનો આભાર માને છે.

RR KĀBEL

SCAME INDIA
electrical solutions

legrand®

MK
Honeywell

eubiq

Schneider Electric

BHAVIK PARIKH

EEE® ESSEN ELECTRICAL ENTERPRISE

Block No. 2A, Ground Floor, Jawahar House, 285, Princess Street, Next to Saraswat Co-op. Bank Ltd.,
Near Parsi Dairy Farm, New Marine Lines (E) MUMBAI - 400 002.
Phone : 2201 0018 / 2206 4726 • E-mail : essenelec@gmail.com • www.essenelectric.com

# શ્રી જાનકી સ્તુતિ

જાનકી ત્વાં નમસ્યામિ સર્વપાપ પ્રણાશિનીમ્ ।।
દારિદ્રયરણસંહર્ત્રી ભક્તા નિષ્ટદાયિનીમ્ ।
વિદેહ રાજતનયાં રાઘવાનંદ કારિણીમ્ ।।
ભૂમેર્દુહિતરં વિદ્યાં નમામિ પ્રકૃતિ શિવામ્ ।
પૌલસત્યેશ્વચર્યસંહર્ત્રી ભક્તાભીષ્ટાં સરસ્વતીમ્ ।।
પતિવ્રતાધુરીણાં ત્વાં નમામિ જનકાત્મજામ્ ।
અનુગ્રહ પરામૃદ્ધિમનધાં હરિવલ્લભામ્ ।।
આત્મવિદ્યાં ત્રયીરૂપામુમારૂપાં નમામ્યહમ્ ।
પ્રસાદાભિમુખીંલક્ષ્મીં ક્ષીરાબ્ધિતનયાં શુભામ્ ।।
નમામિ ચંદ્રભગિની સીતાં સર્વાંગ સુંદરીમ્ ।
નમામિ ધર્મનિલયાં કરુણામ્ વેદમાતરમ્ ।।
પદ્માલયાં પદ્મહસ્તાં વિષ્ણુવૃક્ષસ્થલાલયામ્ ।
નમામિ ચંદ્રનિલયાં સીતાં ચંદ્રનિભાનનામ્ ।।
આહ્લાદરૂપિણીં સિદ્ધિ શિવાં શિવકરીં સતીમ્ ।।
નમામિ વિશ્વજનનીમ્ રામચંદ્રેષ્ટવલ્લભામ્ ।।
સીતાં સર્વાનવદ્યાંગી ભજામિ સતતં હૃદા ।।

**(સ્કંદપુરાણા - બ્રા.સે.મા. ૪૬)** ।।

### ભાવાર્થ

હે જનકનંદિની, હું આપને નમસ્કાર કરું છું. આપ સર્વપાપ નાશ કરનારાં અને દારિદ્રય દૂર કરનારાં છો. ભક્તોને અભીષ્ટ વસ્તુ આપનારાં આપ જ છો. રાઘવેન્દ્ર શ્રીરામને આનંદ આપનારાં વિદેહરાજ જનકજીનાં લાડિલાં શ્રી કિશોરીજીને હું પ્રણામ કરુ છું. આપ પૃથ્વીપુત્રી છો; આપ વિદ્યાસ્વરૂપા અને કલ્યાણમયી પ્રકૃતિ પણ છો. રાવણના ઐશ્વર્યનો સંહાર કરનારાં, ભક્તોને અભિષ્ટદાન દેનારાં સરસ્વતી રૂપિણી ભગવતી સીતાજીને હું નમસ્કાર કરું છું. પતિવ્રતાઓમાં અગ્રગણ્ય આપશ્રી જનકદુલારીજીને હું પ્રણામ કરું છું. આપ સૌ પર અનુગ્રહ કરનારાં સમૃદ્ધિરૂપ, નિષ્પાપ શ્રી વિષ્ણુપ્રિયા લક્ષ્મીજી છો. આપ આત્વવિદ્યા, વેદત્રયી અને પાર્વતિરૂપા છો. ક્ષીરસાગરની કન્યા અને ચંદ્રમાની બહેન કલ્યાણમયી મહાલક્ષ્મી આપ જ છો, જે ભક્તો પર અનુગ્રહ કરવા સદા ઉત્સુક રહો છો. આપ સવાર્ગસુંદરી સીતાજીને હું પ્રણામ કરું છું. આપનો કમળ-વનમાં નિવાસ છે અને હાથમાં કમળ ધારણ કરો છો. આપ કરુણામયી વેદમાતા ગાયત્રી છો. આપ ભગવાન વિષ્ણુના વક્ષઃસ્થળમાં નિવાસ કરનારાં મહાલક્ષ્મી છો. ચંદ્રમંડળમાં આપનો નિવાસ છે. એવા ચંદ્રમુખી શ્રી સીતાજીને હું નમસ્કાર કરું છું. આપ જ શ્રી રઘુનાથજીની આહલાદમયી શક્તિ છો. કલ્યાણમયી સિદ્ધિ છો અને કલ્યાણકારિણી સતી છો. શ્રી રામચંદ્રજીનાં પરમ પ્રિયતમા જાનકીજીને હું પ્રણામ કરુ છું. સર્વાંગસુંદરી સીતાજીનું હું મારા હૃદયમાં સદૈવ ચિંતન કરું છું.

## શ્રી સીતારામ સ્તોત્રમાહાત્મય

ય ઈંદ વાયુપુત્રેણ કથિતં પાપનાશનમ્ ।
સ્તોત્રં શ્રીરામચંદ્રસ્યસીતાયા : પઠતેન્વહમ્ ।
સ નરો મહદૈશ્વમશ્નતેવાંછિતં સદા ।।
અનેક ક્ષેત્ર ધાન્યાનિ ગાશ્વદોગ્ધી : પયસ્વિની : ।
આયુવિદ્યાશ્વપુત્રાંશ્વ ભાર્યામપિ મનોરમામ્ ।
એતદ્સ્તોત્રં સકૃદવિપા : પઠન્નાન્પોત્યસંશય : ।
એતદરસ્ત્રોસ્ય પાઠેન નરંક નૈવ પારપતિ ।।
બ્રહ્મહત્યાદિપાપાનિનશ્યન્તિ સમુહાન્ત્યપિ ।
સર્વ પાપવિનિર્મુક્તો દેહાંતે મુક્તિમાપ્નુયાત્ ।।

**(સ્કં. પુ. બ્રા.સે.મા. ૪૬)**

### ભાવાર્થ

વાયુપુત્ર શ્રી હનુમાનજીએ વર્ણવેલાં શ્રીરામ અને સીતાજીનાં આ સ્તોત્રોનો જે પુરુષ નિત્ય પાઠ કરે છે તે સદૈવ મનોવાંછિત ઈષ્ટ ફળ પ્રાપ્ત કરે છે. અનેક ક્ષેત્ર ધાન્ય, દૂધ આપનારી ગાયો, આયુષ્ય, વિદ્યા, મનોરમા, ભાર્યા અને શ્રેષ્ઠ પુત્રો પ્રાપ્ત કરે છે. હે બ્રાહ્મણો, આ સ્તોત્રનો એકવાર પાઠ કરનાર નરકમાં પડતો નથી. તેનાં બ્રહ્મહત્યા વગેરે મોટાં મોટાં પાપ નાશ પામે છે. બધાં પાપોથી મુક્ત થઈ દેહાવસાન થતાં મોક્ષને પ્રાપ્ત કરે છે.

❖❖❖

KAYCEE KI

pla

BRISK

RGK MARQUARDT

MET

# MODY ELECTRO TRADERS
# M. C. MODY & BROS. (E.D.)

VIRAL

select

BOHMEN

HIKSON

CE

ETI

UPGREEN CORPORATION

ELMECO

ALTOS ELECTRONICS

Off.: 125 'A' Maskati Mahal, Lohar Chawl, Mumbai - 400 002

Off.: 22080026, 22061909, 22054803 - Fax : (91-22) 22084703
Email: sales@modyelectraders.com ⨯ www.modyelectrotraders.com



# પ્રાર્થના

✍ **રાજેશ કડકીઆ**

આત્માનો સ્વભાવ તો સહજ, સરળ અને સુગમ છે, પણ જીવ અહંકાર છોડે તો આ બધું આત્મામાંથી મેળવી શકે. આપણે સહુ જાણીએ છીએ કે સંસાર અસાર છે. આ માયાવી જાળમાંથી મુક્તિ મળે તો જ આ કપાતર જીવનો ઉધ્ધાર શકય છે. કશું સાથે લઈને આ દુનિયામાંઆવ્યા નથી ને કંઈ જ સાથે લઈ જવાનું નથી તો પછી નાહક આ સંસારની ભ્રામક મોહ માયા શા માટે ? અગર આપણી મંઝિલ ખૂબ દૂર છે તો શા માટે આ બધો બોજ ભાર વેંઢારીને ચાલવું ? આ જગતમાં સતત પ્રત્યેક પળે પરિભ્રમણ કરવા કરતા એક જગ્યાએ સ્થિર થવું વધારે ઉચિત છે. ફક્ત પ્રભુને રોજ સાચા દિલથી યાદ કરી તેનું સતત સ્મરણ રટયા કરો.

પ્રભુને હંમેશા સાચા દિલથી હૃદયના ઉંડાણથી યાદ કરીને યાચના કરો કે હે પ્રભુ મને તારા જેવો બનાવ. પ્રભુ આપ ગમે ત્યાં બિરાજો તમારા દર્શન મારા આત્મામાં સદાય રહે. અગર પ્રભુ આપનાં દિલમાં અમારા જેવાં તુચ્છ જીવને સ્વીકારી લેશો તો અમારા જેવા ક્ષુદ્ર-પામર જીવનો ઉધ્ધાર થશે. ભૌતિક સુખ માગી મનુષ્યનો ભવ બગાડવો એના કરતા સાચા દિલથી પ્રાર્થના કરી કંઈપણ માંગ્યા વિના, પ્રભુનાં અંતઃકરણપૂર્વક દર્શન એ જ પ્રાર્થના હોવી જોઈએ. પ્રભુ મને તારા અંતરનો એક તાર આપ જેટલી વખત હું શ્વાસ લઉં મારું હૃદય ધડકે અને તું જ માત્ર મને યાદ આવે. તું જ મારો સાથી છે. બીજા બધા આ ભવના સંગાથી છે.

એકલા રે આવ્યા મનના એકલા જવાના સાથી વિના સંગ વિના એકલા જવાના.

જેમાં તું વસે છે તે કાયાનું ઘર. આ દુનિયાની મોહમાયા મૂકીને પરલોક સિધાવાનું છે. આ કાચી માટીની કાયામાં માયા કેરા રંગ લગાવ્યા છે. જેમ કર્મ નચાવે તેમ નાચું છું. તારા હાથનું રમકડું માત્ર બની ગયો છું. ચાવી ચઢાવે તેટલો સમય નાચું પછી નિષ્ક્રીય બની જાઉં છું.

મારા જીવનની સમી સાંજે ભૂતકાળ કેરા દૃશ્યો વાગોળતાં મારાં અંગત સ્નેહી, સ્વજનો થકી દુઃખ, જખ્મો પામેલાં નિહાળી વિહવળ બની જઉં છું. તારો સંગાથ,સતત તારું સ્મરણ મને વિતેલ ગઈ કાલ, આજ તથા આવનાર ભાવિની સતત યાદ આપતાં રહે છે.

આ જીવન સતત તારાં સહવાસમાં વીતાવેલ યુવાનીની હરેક જીવનું સ્મરણ કરાવતાં રહે છે.

અંતમાં પ્રભુ મારી જીવન સંધ્યાનાં અંતિમ તબક્કે સતત તારું જ નામસ્મરણ રટણ આ જીભ પર રહે. ના કોઈ ગમ, ના કોઈ શીકવા આ જગતનાં સમસ્ત માનવો માટે દિલમાં રહે ફક્ત પ્રેમભાવના.

હવે આવનાર પ્રત્યેક નિયતિની પળોમાં ડરું ના હું કદિ પ્રભુ આપ સદૈવ મારી રક્ષા કરો એ જ મારી હાથ જોડી અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના. હવે મારાં મનમાં કોઈ જ જાતની આશક્તિ નથી કે જેથી જીવનની અંતિમ ક્ષણે નિરાશ થવાનો વારો આવે.

**'ઈશ્વર અલ્લાહ તેરો નામ**
**સબકો સન્મતી દે ભગવાન.'**

✤ ✤ ✤


## ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા



**દક્ષેસ ભટ્ટ**



જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર.

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,**
**બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯** 1
**Email :** gopaljbhatt@yahoo.co.in 2/21 bhattgopal59@gmail.com

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨**
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

# અતીતનાં ઓવારે....

✍ રાજેશ કડકીઆ

આપણે સહુ આ ધરતી પર માનવરૂપે દેહ ધારણ કરીએ છીએ. દરેક વ્યક્તિ તેનાં પૂર્વજન્મમાં કર્મરૂપે આ ધરતી પર ગરીબ-તવંગર-ધનવાન પરિવારામાં જન્મ ધારણ કરે છે. માતા-પિતાની છત્રછાયામાં ફૂલે-ફાલે છે. વિકાસ પામે છે. પોતનાં તકદીર પ્રમાણે શિક્ષણ પામી સંસાર માંડે છે. સમય જતાં પોતાનાં સ્વબળે શૈક્ષણિક લાયકાત મુજબ ધન પ્રાપ્તિ હાંસલ કરી જીવનમાં આગળ ઉપર વિકાસ પામે છે.

જન્મ, શૈષવ, બાલ્યાવસ્થા, યુવાની, આધેડ, વૃધ્ધત્વ અને આ મીટ્ટીમાં ભળી જવું. આપણાને સહુને ખૂબ સારી રીતે એકવાત ખૂબ માલુમ છે કે આપણે જન્મતાં મુઠ્ઠી બંધ કરીને આ જગતમાં પ્રવેશ્યાં છીએ પરંતુ મૃત્ય સમયે ફક્ત બન્ને હથેળીઓ ખુલ્લી રાખીને જ મૃત્યુ રૂપી મહામાર્ગે પ્રયાણ કરી જવાના છીએ. આપણી સાથે એક પાઈ પણ આપણી સાથે લઈ નથી જવાના. છતાંય આ જન્મે મૃત્યુ પર્યંત આપણે સહુ એવાં એક મોહમાયાના બંધનમાં ફસાયેલા રહીએ છીએ કે જીવનના અંતીમ શ્વાસ સુધી મારો પરિવાર, મારું ઘર, મારી સંપત્તિ, મારી ગાડી, મારો બંગલો વગેરેની ચાહત છૂટતી નથી. આ જીવ મોહમાયામાં એટલો તો ગરકાવ રહે છે કે ક્યારે કાળનો કોળિયો બની પ્રભુ દ્વાર પ્રયાણ કરી જઈએ છીએ તેનું ભાન સુધ્ધા રહેતું નથી

આ જગમાં નામ તેનો નાશ, જીવન-મરણ, ચડતી-પડતી, સુખ-દુઃખ આ સર્વે દરેક વ્યક્તિ સાથે એટલું ગૂઢ રીતે સંકળાયેલું છે કે આપણે દેહ-દશાનું, સારા-નરસાનું ભાન છેવટ સુધી ગુમાવી દઈએ છીએ. આજનાં કળિયુગમાં સર્વેને ઝટપટ વગર મહેનતે, ટૂંકા ગાળામાં ધનવાન થઈ જવું છે તે માટે સામ-દામ-દંડ-ભેદ સર્વેનો આશ્રય લઈ અત્યાચારપૂર્વક આગળ વધવું છે. વિકાસ-પરિવર્તન આ સંસાર-પ્રકૃતિનો નિયમ છે. દુનિયામાં સતત દરેક વસ્તુ સમયાનુસર પરિવર્તિત થાય છે.

જ્યારે ઈશ્વર પ્રત્યે ધ્યાન ધરવાનો તેનો સત્સંગ કરવાનો સમય આવે છે ત્યારે ખૂબ જ વિલંબ થયો હોય છે. અરે હજુતો ઘણીવાર છે હજુ મને લાખ કરોડ અબજ રૂપિયા કમાવવા દે. મારી દસ પેઢી સુધી ચાલે એટલું ધન એકઠું કરી લેવા દે પછી પ્રભુ ભક્તિ માટે સમય હશે તો ઠીક નહીતર શું ફરક પડશે.

પરંતુ આ તુચ્છ જીવને એટલુંય વિદીત નથી કે મૃત્યુ બાદ આ શરીરને તો ચીતા પર બાળી ભસ્મ કરી દેવાશે. આપનો આત્મા જ્યારે આ નિર્વેત દેહથી અલગ થઈ અનંતની યાત્રાએ વીચરશે ત્યારે તેની સાથે ફક્ત આ જીવનાં સારા-નરસાં કર્મોની યાદી લઈને પ્રયાણ કરી જશે. અરે ! આપનાં મૃત્યુ બાદ આપની જીવન સંગીની તથા સમગ્ર પરિવારજન, મિત્રો વગેરે સમયાનુસાર આપને ભૂલી જશે. આ એટલી બધી સ્વાર્થી છે કે અમૂક વર્ષો બાદ આપની પુણ્યતિથિ સુધ્ધા વિસરી જશે.

થોડાંક પુણ્યનાં કાર્યો-દાન-ધર્મ કર્યા હશે તો

Rakesh Dharia - 9819685882

- Civil
- Painting
- P.O.P.Work
- Fabricators
- Carpenter
- Aluminium
- Electric

Krish INTERIORS

A-604, Saraswati C.H.S.Ltd.
C.S.Road No.4, Near Shakti Nagar
Dahisar (East),
Mumbai - 400068

કવચિત થોડાક વખત લોકો યાદ રાખશે પછી કાળની ગર્તામાં સઘળું વિલિન થઈ જશે. ✤✤✤

આખી ય વાતનો મરમ તથ્ય શું છે ? મને ઘણીવાર વિચાર આવે છે કે હું ક્યાંથી આવ્યું છું ?, શા માટે-કેમ આવ્યો છું ?, ક્યાં જઈશ-મારા મૃત્યુ બાદ મારી શી ગતી થશે મને કશુંય સ્મરણ રહેશે કે કેમ ? મૃત્યુ સમીપે આપણે સહુ આ સંસારની માયાજાળ સાથે અતૂટ બંધનથી સંકળાયેલા રહીએ છીએ. અરે ! અંતમ ક્ષણે પ્રભુનું નામ સ્મરણ સુધ્ધાં યાદ નથી આવતું. મૃત્યુ સમયે આપણે સઘળુ પ્રમાણભાન ગુમાવી દઈએ છીએ તથા સાવ બેભાન બની જતાં આંખો ચકળ વકળ થઈ જાય કે જીભ બહાર લટકી જાય, આંચકી આવવી, સમગ્ર દેહ તાણ અનુભવે કે અન્ય ગતિ વિધિ પામે. આ દરમ્યાન થોડાંક પણ માનસિક રીતે જાગૃત રહી શકીએ તો કવચિત શાંતિથી મૃત્યુને આવકારી શકીએ. અંતમાં... ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સનમતિ દે ભગવાન.

**અસ્તુ...**


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

DentVilla
The Complete Family Dental Care

**Dr. Shikha Dharia**
**B.D.S**

**Treatments we offer are:**

• A complete dental consultation with digital x-ray.
• Complete prophylaxis (clean up) and gum care.
• Restoring of compromised tooth with fillings, root canal, crown and bridges, extraction, implants, dentures.
• Smile designing and esthetics.
• Complete prophylaxis for children.
• Dental Jewellary / Sport guard and snore guard / Silensor.

**Address:**

9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai: - 400 007.

**Contact: 8879088330**

Timings: 10.00am to 8.00 pm Monday to Saturday

# બંધનની કેમિસ્ટ્રી

✍ સંકલન - પ્રશાંત પરીખ

(ગતાંકથી ચાલુ)

**બોધથી મમત્વ તૂટે**

જે જીવ બંધનથી મુક્ત થવા ઈચ્છતો હોય, મમત્વ છોડવા ઈચ્છતો હોય તેને સ્વયંનો યથાર્થ બોધ હોવો જોઈએ. લોકો પૂછતા,'કેમ એમ કહો છો કે રામને ભૂખ લાગી? શું તમને ભૂખ નથી લાગતી? તો તેઓ કહેતા, 'મને માત્ર એ તથ્યનો જાણનાર છું કે રામને ભૂખ લાગી છે. આ જે રામ છે, આ જે Personality છે - આ જે વ્યક્તિત્વ છે તેનાથી હું ભિન્ન છું.' Personality (વ્યક્તિત્વ) થી હું ભિન્ન છું - આ બોધ જો થઈ જાય તો મમત્વ તૂટવા લાગે છે, બંધન બંધ થઈ જાય છે, મમત્વની સીમા સંકોચવા લાગે છે.

**પ્રસંગ જાય પણ કારણ રહી જાય**

મમત્વનું મૂળ કારણ છે - વ્યક્તિત્વને જ 'હું' સમજી લેવું. એ પછી વ્યક્તિત્વ સાથે સંબંધિત બધી ચીજો પોતાની સીમામાં આવવા લાગે છે. કોઈ માણસ મોટા મકાનમાં રહેતો હોય અને જો તેને હવે નાના મકાનમાં રહેવા જવું પડે તો તેની Personality માં ફરક પડી જાય છે. કેમ? મોટા મકાનમાં તે મોટો હતો! આખું મકાન તેણે પોતાના વ્યક્તિત્વમાં લઈ લીધું હતું અને તેથી પોતાને તે મોટો માનતો હતો. હવે તે નાના મકાનમાં ગયો. ત્યાં બધી જ સુવિધા હોવા છતાં તેની Personality માં ફરક પડી ગયો, કારણ કે તેનું વ્યક્તિત્વ હવે સંકોચાઈ ગયું!

વ્યક્તિત્વ કંઈ માત્ર આપણા શરીર પર આધારિત નથી, તે આપણા મમત્વ પર આધારિત છે. આપણું બધું મમત્વ આપણું વ્યક્તિત્વ છે. જેટલું મમત્વ તેટલું વ્યક્તિત્વ. બાપ પોતાના દીકરાને પોતાનું જ Extension (વિસ્તરણ) માને છે, પોતાનું જ વ્યક્તિત્વ માને થે, પોતાના 'હું' નો જ ફેલાવ માને છે - જાણે પોતાનો જ ફેલાયેલો એક હાથ ન હોય! અને તેથી દીકરાએ મારી ઈજ્જત વધારી, દીકરાએ મારી ઈજ્જત ધૂળમાં મેળવી દીધી વગેરે લાગે છે, બોલે છે, માને છે. દીકરો તકલીફમાં તો હું તકલીફમાં!

એવું જ જડ પદાર્થો સાથે! મકાન પણ વ્યક્તિત્વનો એક ભાગ છે અને તેથી મકાન બળે તો માલિક પણ ભીતર બળે! પદ છિનવાય છે તો લાગે છે કે મારું કાંઈક ગયું. ખુરશી વ્યક્તિત્વનો એક હિસ્સો બની જાય છે! જે પદ મળે છે, એને જીવ એવું પકડી રાખે છે કે પ્રસંગ છૂટી જાય તો પણ પદને છોડતો નથી. મંત્રીની ખુરશી પરથી ઊતરી જાય તો હવે ઘરે બોર્ડ (નામની તકતી) પર લખે - 'ભૂતપૂર્વ મંત્રી' ! હવે તે મંત્રી નથી રહ્યો. પદ ચાલ્યું ગયું છે. પ્રસંગ પૂરો થઈ ગયો છે પણ હજુ મમત્વ રહ્યું છે. મમત્વનું કારણ રહ્યું છે. તેથી મંત્રીપદ ચાલ્યું ગયું હોવા છતાં હજી તે એની સાથે બંધાઈ રહેલો છે. હજી તે ઈચ્છે છે કે પોતે મંત્રી રહે, કશે નહીં તો છેલ્લે બોર્ડ પર રહે - ભલેને આગળ 'ભૂતપૂર્વ' લખાય! જો એ ન લખાય તો તેની Personality (વ્યક્તિત્વ) માં ફરક પડી જાય - જાણે ઈસ્ત્રી બગડી જાય અને કરચલી પડી જાય તેના વ્યક્તિત્વને!!

**અહં છોડવા તૈયાર નથી**

મરી જાય ત્યાં સુધી માણસને પદનો મોહ છૂટતો નથી. તે મરી જવાનું પસંદ કરે છે પણ પદ છોડવાનું પસંદ કરતો નથી! પદ સાથે એટલું જોડાણ હોય છે કે તે 'હું' નો એક ભાગ બની ગયું હોય છે. આ 'હું' નો ફેલાવ ઘટે તે સહન થતું નથી.

આપણું વ્યક્તિત્વ ધન સાથે, મકાન સાથે, પદ સાથે, પ્રતિષ્ઠા સાથે જોડાયેલું છે અને તેથી આ બધું જેટલું ઓછું થાય એટલો 'હું' ઓછો થયો એવું લાગે છે, જે સહન થતું નથી. મરવાના દિવસ સુધી હિટલરે એવી ઘોષણા ચાલુ રખાવી હતી કે જર્મની જીતી રહ્યું છે. એમ કરતાં દુશ્મનો બર્લિનમાં આવી ગયા - જર્મની તો ગયું, રાજધાની સુધી આવી ગયા, બર્લિનની બહાર પહોંચી ગયા - પણ હિટલર તેના મહેલની બહાર આવીને આ જોવા તૈયાર ન હતો. તે હજી રેડિયો ઉપર એ જ ઘોષણા કરાવતો રહ્યો કે જર્મની જીતી રહ્યું છે. કોઈ સાચી વાત કરવા જતું તો હિટલર તેને ગોળી મારી દેતો! તેના ઘરની બહાર ગોળીબાર થતો હતો અને દુશ્મન તેના ઘર તરફ આવી રહ્યા છે એમ સંભળાતું હતું અને છતાં હિટલર તેના નોકરોને એમ કહેતો રહ્યો કે જર્મનીનો વિજય નિશ્ચિત છે, જર્મની ક્યારેય પણ હારી શકે જ નહીં!

**વ્યક્તિત્વ પર પકડ**

શું થઈ ગયું હતું તેને? વિક્ષિપ્ત ચિત્ત! કારણ કે તે તેના વ્યક્તિત્વને છોડવા તૈયાર નહોતો. આખું જર્મની

તેના વ્યક્તિત્વનો ભોગ બની ગયું હતું અને તે ઓછું થાય તો 'હું' ઓછો થઈ જાય. એ તો તે કદી સહન કરી શકે નહીં. તેથી જ્યારે તેને ખબર પડી કે દુશ્મનોએ જર્મન સંસદ ઉપર કબજો કરી લીધો છે ત્યારે તેણે મરી જવાનું પસંદ કર્યું અને પોતાને ગોળી મારી દીધી. આત્મહત્યા કરી પણ હાર સ્વીકારવા તે તૈયાર ન થયો.

લોકો પોતાના અહંના, વ્યક્તિત્વના પ્રસારને પકડી રાખે છે અને જે માણસ વ્યક્તિત્વને પકડીને જીવે છે, તે ભીતર થઈ શકતો નથી. તે બહાર જ અટકી જાય છે. તે આત્મા સુધી પહોંચી શકતો નથી. તેથી જ પરમકૃપાળુદેવે વિચારવાનું કહ્યું છે -

'લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ? શું કુટુંબ કે પરિવારથી વધાવાપણું, એ નય ગ્રહો; વધવાપણું સંસારનું નર દેહને હારી જવો, એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!!'

જેમ જેમ આનો વિચાર થાય છે, તેમ તેમ સમજાય છે કે પોતે આ સર્વથી ભિન્ન છે. પછી એ બોધ થતાં વાર નથી લાગતી કે આ બધું હું નથી અને છતાં મેં પકડી રાખ્યું છે. આ મિથ્યાત્વ જ મને બહાર રોકી રાખે છે અને એ જ મારું બંધન છે.

**'હું' નો બોધ નથી**

Personality પોતાનું સ્વરૂપ માનવું એ જ ભૂલ! અંગ્રેજી શબ્દ 'પર્સનૅલિટી' અદ્‌ભુત શબ્દ છે. ગ્રીક નાટકોમાં કલાકારો પોતાનું મુખ ઉપર જે Mask (મહોરું) પહેરીને નાટક કરતા, તે Mask કહેવાય છે. 'Persona'. તેમાંથી બન્યો શબ્દ 'Personality'. આમ, જે mask ને તમે બહારથી લગાવ્યો છે, ચિટકાવ્યો છે તમારી ઉપર અને જેને પકડીને બેઠા છો, પોતે તે-રૂપ છો એમ માનીને બેઠા છો.... તે વ્યક્તિત્વને પોતાનું અસ્તિત્વ સમજી બેઠા છો એ જ મોટી ભૂલ ! અને આપણે પણ નાના-મોટા હિટલર જ છીએ ને ! હિટલરની જેમ આપણે વ્યક્તિત્વને પોતાનું અસ્તિત્વ માન્યું; મમત્વભાવ જ્યાં જ્યાં ફેલાયો તે બધું - ધન, પદ, પરિવારદિ વ્યક્તિત્વમાં ગણ્યું; અહંકારનું પ્રક્ષેપણ પુત્રાદિ અનેક વસ્તુઓ ઉપર કર્યું અને તે પ્રત્યે મમત્વભાવ સેવ્યો, એને મજબૂત બનાવ્યો એ જ આપણું બંધન છે.

✤✤✤


## S.R. Mody

## Shree Light Corporation

173, K.M. Sharma Marg, (Lohar Chawl),
Manhar Bldg., Ground Floor,
Mumbai - 400002, Maharashtra (India.)

**Tel. # 022-40221446/22081440.**
**Cell # 9082363153 (10.00 AM to 07.00 PM)**

Authorised Dealers For :

**Crompton Fans • Philips Lighting • Philips Switches, Eveready Cell /Torch / Appliances & Duracell.**

# રસાસ્વાદ

સુરેશ દલાલ આપણા પ્રસિધ્ધ યશકવિ છે. કવિતાને એમણે હૃદયથી પ્રેમ કર્યો છે, એવું લાલન કર્યું છે અને પ્રસન્નતાપૂર્વક એની ઉપાસના કરી છે. ગુજરાતી કવિતાને એમના જેટલાં લાડ ભાગ્યે જ કોઈએ લડાવ્યા હશે. વિવિધ વિષયોના કાવ્યો એમણે સજર્યાં છે. અનેક કવિઓના કાવ્ય સંપાદનો કર્યા છે. ભારતની અને જગતની કવિતાને અનુવાદો દ્વારા આપણી ભાષામાં અવતારી છે.

નરસિંહથી દયારામ સુધીના આપણા મધ્યકાલીન કવિઓના વિવિધ પદોની પ્રથમ પંક્તિ કાગળ ઉપર ટપકાવીને અને પછી એ ધ્રુવપંક્તિને આધારે પોતાની રીતે રચનાને શિસ્ત જાળવીને આગળ વિસ્તારી છે. આવો આપણે કેટલીક પંક્તિઓનો રસાસ્વાદ માણીએ. એમના આ નવતરપ્રયોગને જાણીએ.

(અકળ કળા ગત ન્યારી
            જગતમેં સંત બડે ઉપકારી)
યમુનાનું જળ, કદંબ-ધારા
            મીરાં પદની એવી માયા
મૌન મુનિનો પ્રગટાવે છે
            ચેતનની ચિનગારી
(અમે હરિગુણ ગાતાં ફરવાનાં હવે નથી કોઈ થી ડરવાનાં)
અવગુણ અમારા ગયા ઓસરી :
અમે જીવવાનાં, અમે મરવાનાં
સુખ દુઃખની પાર અમારી
            નાનીએક મઢૂલી
હવાના હિંડોળા-ખાટે
            અમે રહ્યાં છે ઝૂલી
ભવની ભવાઈને ભૂલી જઈને અમે વૈભવને વરવાનાં
અમે હરિગુણ ગાતાં ફરવાનાં હવે નથી કોઈથી ડરવાના.
(ખત વાંચતા હું ખોંખાર્યો તેની તમને ચડી છે રીસ રે)
શબ્દ અને આ મૌનની વચ્ચે કેવી ભીંસાભીંસ રે
મૂગા મૂગા થાય અડપલાં
            એનો આનંદ ન્યારો રે
ખોંખારીને છેડું તમને
            હું તો સદાય તારો રે
તમને નહીં તો કોને છેડું, રાધા નહીં દસ-વીસ રે
શબ્દ અને આ મૌનની વચ્ચે કેવી ભીંસાભીંસ રે
(ચાલો ચાલો સૈયરનો સાથ વૃંદાવન જઈએ રે)
ઘર છોડે એને મળે જગન્નાથ વૃંદાવન જઈએ રે
માથા પર શરદનું આભ હશે ઝૂલતું
            આંખોમાં રમતી હશે શરદની રાત
શ્વાસ શ્વાસમાં પછી રૂપાળો રાસ હશે
            પારિજાત જેવું પછી ઝરશે પરભાત.
રાતથી પ્રભાત લગી વ્હાલમ ની બાથ,
            વૃંદાવન જઈએ ચાલો ચાલો સૈયરનો સાથ,
                વૃંદાવન જઈએ રે

કવિ શ્રી સુરેશ દલાલે આવા ૧૦૮ કાવ્યોની માળા પોતાના પુસ્તકમાં કંડારી છે. જે પદની પ્રથમ પંક્તિ એમની નજરે ચડી કે એમને સ્પર્શી ગઈ એ પંક્તિ. સહારે -એના લળ, ઢાળ અને ભાવને આધારે એમણે પોતાના સંવેદનને વહેવા દીધુ છે.

**સંકલન**

જે જે શ્રી ગોકુલેશ

**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**

**પ્રાર્થના સભા માટે**



**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**

**Website : www.rhythmicgroups/.com**

G/3, Raman Smruti, 138, V.P.Road,
Sicka Nagar, Mumbai - 400 004
Resi : 022-23811333 / 66372275

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## મેડીકલ કેમ્પ

**રવિવાર તા. ૧૦-૦૫-૨૦૨૦ – સ્થળ : પી. જે. હિન્દુ જીમખાના, મરીન ડ્રાઈવ, મુંબઈ**

**સમય : સવારે ૮.૩૦ કલાક થી બપોરે ૧૨.૩૦ કલાક**

## શ્રમદાતા : શ્રીમતી નિષીતા જયેશ શાહ

### મનોવૈજ્ઞાનિક રોગોની મુક્તિ માટે જીવનને પરિપૂર્ણતામાં જીવવું જરૂરી છે

પરિપૂર્ણતામાં જીવવા શાંત અને ઉત્પાત વિનાનું મન જોઈએ. શરીરની ફીટનેસ માટે જરૂરી છે અને તેથી અપનાવવું જરૂરી છે. મેનેજમેન્ટ (૧) હેલ્થ (૨) ગુસ્સો (૩) સંબંધો (૪) સ્ટ્રેસ (૫) સમય (૬) જીવનચર્યા. જીવન થોડું પણ સુધરશે એ જ ધ્યેય હોવો જરૂરી છે.

કારણ કે તન અને મન સંયુક્ત છે. સૌથી પહેલું રોકાણ આરોગ્યના ક્ષેત્રે કરવા જેવું છે. સ્વસ્થ રહેવું જોઈએ એ તો બધા સમજે છે પણ આરોગ્યની ઉપેક્ષા કરતા રહેવું તે સમજાતું નથી! આળસ છોડીને સંકલ્પ કરવો, તો જ શરીર અને મન તમારું મિત્ર બની ભરપૂર ઉર્જા અને આનંદ આપશે.

આજના સમયમાં બિમાર પડવું આપણને પોસાય તેમ નથી. દવાઓ અને ડૉક્ટરી સારવાર ખૂબ મોંઘી થઈ ગઈ છે. સંકલ્પ કરીને સ્વસ્થ સંતુલીત બનાવી યોગાત્મક જીંદગી જીવવાનો પ્રયોગ કરીએ. શિબિરનો સાર "દેહરૂપી નૌકાવડે જ ભવસાગર પાર કરી શકશો."

રોગ એ માત્ર શારીરિક ઘટના જ નથી. માનસિક અને આધ્યાત્મિક ઘટના છે.

**"ALL HEALING POWER IS WITHIN YOUR BODY"**

**NATURE IS RICH. LET US ENRICH YOU એ જ શિબિરનો સાર છે.**

**COMMUNITY DOCTOR/INVITEE - DENTIST - DIABETOLOGIST - DIETICIAN - OPHTHALMOLOGIST - PHYSIO THEROPIST - ENT - SPEECH THEROPY - BLOOD TEST - ETC (others)**

**CAN CONTACT MANAGEMENT & BPS OFFICE**

**(FREE CHECK UP & FOOD - FIRST COME FIRST SERVE IN WRITING ONLY)**

**Paresh R. Parikh- 9821024399 Kirit R. Dharia - 9820088069**

# બાલાસિનોર વિદ્યામંડળ પ્રશંસનીય દાન

આપણી સંસ્થાને **રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા)** નું માતબર દાન નીચે જણાવેલ પાંચ દરિયાદિલ દાતાઓ તરફથી મળ્યું છે.

૧) પીયુષભાઈ કીર્તનલાલ પરીખ તરફથી તેમના પિતાશ્રી કીર્તનલાલ મગનલાલ પરીખની મધુર યાદમાં.

૨) અમીતાબેન પીયુષભાઈ પરીખ તરફથી તેમના પિતાશ્રી પૂનમચંદ ગરબડદાસ દોશીની મધુર યાદમાં.

૩) રાજશ્રીબેન મેહુલભાઈ બાબુલાલ ધારિઆ (ઓલ્લા) તરફથી નોટબુક યોજના માટે તેમના પુત્ર શ્રી નિશાંતનાં શુભ લગ્ન પ્રસંગે.

૪) સેમિલાબેન શરદકુમાર દેસાઈ (નટવરલાલ ચંદુલાલ કડકિઆ, પુનાની સુપુત્રી)

૫) સ્મિતાબેન સતીષકુમાર દલાલ (નટવરલાલ સાકરલાલ દેસાઈની સુપુત્રી)

સંસ્થાના સૌ કારોબારી સભ્યો જ્યોતિપૂંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાં ની લાગણી અનુભવે છે અને પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

## કોલેજનું ગૌરવ

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સી.એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટસ એન્ડ એલ.કે.એલ. દોશી કોમર્સ કોલેજમાં ગુજરાત સરકારની ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ બાલાસિનોર વિદ્યામંડળને તેની યોગ્યતાને ધ્યાને લઈને નીચે મુજબના અભ્યાસક્રમોની મંજૂરી આપી છે.

૧. B.C.A. (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, ૩ વર્ષ)

૨. D.C.A. (ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન, ૧ વર્ષ)

૩. PGDCA (પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન, ૧ વર્ષ)

૪. PGDBA (પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ૧ વર્ષ)

આ અભ્યાસક્રમો ફેબ્રુઆરી ૨૦૨૦ થી શરૂ કરવાની મંજૂરી પ્રાપ્ત થઈ છે.

આચાર્ય શ્રી ડૉ.ડી.પી. માછીની National Assessment and Assreditation Council (NAAS) બેંગ્લોર દ્વારા એક્સપર્ટ કમિટીના સભ્ય તરીકે નિમણુંક થઈ છે.

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સી.એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટસ કોલેજ અને એલ.કે.એલ. દોશી કોમર્સ કોલેજ, બાલાસિનોરમાં શારીરિક શિક્ષણના અધ્યાપક તરીકે ફરજ બજાવતા અને એન.સી.સી. ઓફીસરની સેવા આપતા પ્રો. સહેજાદઅલી એમ. ખોખર તા. ૪-૧૧-૨૦૧૯ થી ૧-૨-૨૦૨૦ દરમ્યાન આર્મી ઓફિસર માટેની ટ્રેનીંગ સંદર્ભે ઓફીસર ટ્રેનીંગ એકેડેમી, નાગપુર, મહારાષ્ટ્રમાં જોડાયા હતા. આ ટ્રેનીંગમાં સમગ્ર ભારતમાંથી ૫૫૦ ઓફિસર કેડેટ્સ જોડાયા હતા. જેમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરવા સાથે રજત ચંદ્રક મેળવી ગુજરાત રાજ્ય તેમજ સદર કોલેજનું ગૌરવ વધારવાનું કામ કરવાને કારણે તેમને ગુજરાત રાજ્યના મહામગીમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત હસ્તક

રાજભવન, ગાંધીનગર ખાતે મોમેન્ટો અને મેડલ સાથે સન્માનિત કરાયા છે.

આ ઉપરાંત પણ પ્રો. સહેજાદઅલી એમ. ખોખર સ્ટેટ રોકબોલના રેફરી તરીકે નિયુક્ત થયા હતા. જેના માટે વિદ્યામંડળ સહીત સમગ્ર કોલેજ પરિવાર ગૌરવની લાગણી સાથે તેમને અભિનંદન પાઠવે છે.

આ અગાઉ શ્રી એચ.જે. શુકલ સાહેબ એન.સી.સી. મેજર તરીકેની રેન્ક મેળવીને કામગીરી કરી હતી. તેઓ વયમર્યાદાનાં કારણે નિવૃત્ત થયા છે, અને તેમની જગ્યાએ શ્રી સહેજાદઅલી ખોખરની એન.સી.સી. ઓફિસર તરીકેની નિમણુંક કરી છે.

## દુઃખદ અવસાન

વિદ્યામંડળના કર્મનિષ્ઠ ઉમદા સેવાભાવી સદસ્ય શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ દેસાઈનાં દુઃખદ અવસાનથી સંસ્થાને મોટી ખોટ પડી છે. જેઓ એ સંસ્થામાં સને ૧૯૯૦-૧૯૯૧ થી ૧૯૯૮-૧૯૯૯ સુધી માનદ્ સભ્ય તરીકે અને ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૧૦-૨૦૧૧ સુધી મંત્રીશ્રી તરીકે અને ૨૦૧૧ થી ૨૦૨૦ સુધી ઉપપ્રમુખ તરીકે પ્રશંસનીય સેવાઓ આપી છે.

છેલ્લા નવ વર્ષમાં આપણે છ અતિ ઉમદા કારોબારી સભ્યોને ગુમાવ્યા છે.

૧) નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) - પ્રમુખ
૨) કીરીટભાઈ રમણલાલ કડકીઆ (મલમ) - કારોબારી સભ્ય
૩) પ્રવિણચંદ્ર મુળજીભાઈ ધારીઆ (C.A.) - માનદ્ સભ્ય
૪) મનુભાઈ ચીમનભાઈ શાહ (ચાવાલ) - ખજાનચી
૫) કાંતિલાલ વીરચંદ શાહ (કવિ) - કારોબારી સભ્ય
૬) ચંદ્રકાંતભાઈ ચીમનલાલ દેસાઈ - ઉપપ્રમુખ

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

---

# બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ
# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ
## અનુકરણીય દાન/વચન

**સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :**

| ક્રમાંક | નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | પૂર્ણીમા શશીકાંત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી શશીકાંત ધારીઆ | ૫,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી ગાંધી સાવિત્રીબેન નવનીતલાલ પરીખ (સહદેવ) | ૧,૧૧,૦૦૧/- |
| ૩. | શ્રીમતી શ્રુતી પી. શાહ | ૧,૦૦,૦૦૦/- |
| ૪. | શ્રીમતી કવિતા સંજય પરીખ અને શ્રી સંજય પી. પરીખ | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રી સુમીત ગાંધી અને શ્રીમતી સેજલ ગાંધી | ૧,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રીમતી સ્મિતાબેન સતિશકુમાર દલાલ (સુપુત્રી નટવરલાલ સાંકરલાલ દેસાઈ) | ૧,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રી રાજેશભાઈ શાંતીલાલ કડકિયા | ૫૦,૦૦૦-/ |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી**

**જસ્મિન બી. શેઠ, ધર્મેશ જયંતીલાલ શાહ - માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧) ઈકો કેમ્પ :** તા. ૨-૨-૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૪૮ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૨-૦૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૨ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૩) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ :** તા. ૨૩-૨-૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૨૮ દર્દીઓ નોંધાયેલા તે પૈકી જરૂરીયાતવાળા ૭૦ દર્દીઓના ઈસીજી રૂા. ૭૦૦૦/- તેમજ ૧૨૭ દર્દીઓના ઈકો રૂા. ૫૦૮૦૦/- ફ્રી કરવામાં આવેલા. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કાર્ડીયો વાસ્કયુલર એન્ડ થોરેસીક સર્જન ડૉ. ભુપેશભાઈ ડી. શાહ (એમ.સી.એચ.ડી. એન.બી, મુંબઈ) તથા તેઓની ટીમ તેમજ કે.એસ.પી. હોસ્પિટલ ફીજીશીયન ડૉ. વિરલ બી. પટેલએ સેવાઓ આપેલ. આગામી હાર્ટ કેમ્પ તા. ૨૮-૬-૨૦૨૦ના રોજ રાખવામાં આવેલ ચે.

## શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા દાન :-

- શ્રીમતી પૂર્ણિમા શશીકાંત ધારીઆ (દલાલ) ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી શશીકાંતભાઈ ધારીઆ રૂા. ૫ લાખ

## ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં વધુ નોંધાયેલા દાન :-

| | | |
|---|---|---|
| ૧. શ્રીમતી સુધાબેન સુમનરાય દેસાઈ (આણંદ) | - | ૨ મિતિ |
| ૨. સ્વ. ગીતા રમેશ પરીખ | - | ૧ મિતિ |
| ૩. શ્રીમતી આશા દીનેશ શાહ | - | ૧ મિતિ |
| ૪. એક અનામી દાતા | - | ૧ મીતી |
| ૫. શ્રી જયંતકુમાર ચંદુલાલ પરીખ | - | ૧ મિતિ |
| ૬. શ્રીમતી શેફાલી પ્રણવ દોશી | - | ૧ મિતિ |

**સુધારો :-** ⁕ ગત માહે જાન્યુઆરી ૨૦૨૦ ના અંકમાં ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા દાન હેઠળ રૂા. ૧૧૦૦૦/- શ્રી હર્ષદ બાબુલાલ ગાંધી ભુલથી છપાયેલ તેના બદલે શેફાલી પ્રણવ દોશી વાંચવું. ⁕ ગત ફેબ્રુઆરી અંકમાં 'ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનાના હેઠળ જગદીશ કીરતનલાલ શાહ (વસનજી) ના બદલે શ્રીમતી નયનાબેન જીતેન્દ્ર શાહ (વસનજી) વાંચવુ.

## ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતિ યોજનામાં

રૂા. ૧૧,૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.**

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ - માનદ્ મંત્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ ઉમેશ રસીકલાલ પરીખ (યુ.એસ.એ.) | ૫૩ |
| ✤ કુસુમબેન નવનીતલાલ કડકીઆ (લટકારી) | ૮૬ |
| ✤ પ્રવિણભાઈ રમણલાલ મોદી | ૭૮ |
| ✤ સાવિત્રીબેન બાબુલાલ દોશી (ડોબુ) | ૯૪ |
| ✤ ચંદ્રકાંત ચિમનલાલ દેસાઈ (સોજીત્રાવાલા) | ૭૮ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

POLYCAB
WIRES & CABLES





- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

AMRISH KACHARIA +91 9769025153

PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2018-20
Regd.No.MCS / 050 / 2018 - 20
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH — RASESH PAREKH

Anukool Selections, 542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.
Contact: 2361 2848 - 2369 4166, E: anukoolselections@gmail.com,
www.anukoolselections.com

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.